# ગુજરાતી PAPER-1 (વ્યાકરણ)

લેખક : પ્રફુલ્લ ગઢવી (D.Pharm, M.A., L.L.B., M.P.A.)

## અર્થ-કાર્ય

→ સમાસ = સમ્+આસ. જેમાં 'સમ્' એટલે સરખું અને 'આસ' એટલે ગોઠવણી. પદોની યોગ્ય ગોઠવણીની વ્યવસ્થા એટલે સમાસ.

→ જુદા જુદા અર્થવાળા બે કે તેથી વધુ જોડાઈને નવા અર્થવાળો એક શબ્દ બને છે તેને સમાસ કહે છે.

→ નવા રચાયેલા પદને સમસ્ત પદ કે સામાસિક પદ કહેવામાં આવે છે.

→ શબ્દોની કરકસર કરવી અને કહેવાની વાતને સંક્ષેપમાં કહેવી એ સમાસનું કાર્ય છે.

### સમાસ - વિગ્રહ

→ સામાસિક પદ બે પદોનું બનેલું હોય, ત્યારે પહેલા પદને પૂર્વપદ અને બીજા પદને ઉત્તરપદ કહે છે. જે સામાસિક પદમાં બેથી વધુ પદો હોય તેમાં પહેલા પદ (પૂર્વપદ) અને છેલ્લા પદ (ઉત્તરપદ) ની વચ્ચેનાં પદ મધ્યમ પદ કહેવાય

→ સમાસનાં બન્ને કે (બે થી વધુ હોય ત્યારે) બધાંય પદોને એમની વચ્ચેનો અને એમનો વાક્ય સાથેનો સંબંધ વ્યક્ત થાય એ રીતે છૂટાં પાડવાની ક્રિયાને વિગ્રહ કહે છે.

→ સમાસનો વિગ્રહ કરતી વખતે તેનાં પદો વચ્ચે સંબંધ દર્શાવનાર વિભક્તિના અનુગ (પ્રત્યય) મૂકવામાં આવે છે. અથવા સંબંધવાચક પદો મુકીને એ સમાસનો પ્રકાર દર્શાવવામાં આવે છે.

→ **ઉદાહરણ :**

| સામાસિક પદ | વિગ્રહ |
|---|---|
| લેણદેણ | લેણ અને દેણ |
| વધેઘટે | વધે કે ઘટે |

### સમાસના પ્રકાર

(1) દ્વન્દ્વ સમાસ (2) તત્પુરુષ સમાસ
(3) મધ્યમલોપીસમાસ (4) ઉપપદ સમાસ
(5) કર્મધારય સમાસ (6) બહુવ્રીહી સમાસ
(7) અવ્યયીભાવ સમાસ

## સમાસના પ્રકારોની વિસ્તૃત સમજ

## 1.દ્વન્દ્વ સમાસ

➢ જે સમાસમાં

(1) જુદા જુદા અર્થવાળા શબ્દો સમાન કક્ષામાં એટલે કે સરખું મહત્વ ધરાવતા હોય અને

(૨) તેમની વચ્ચે સમુચ્ચય કે વિકલ્પનો એટલે કે 'અને' અથવા 'કે' નો સંબંધ હોય તેને દ્વંદ સમાસ કહે છે.

→ **ઉદાહરણ :**

| ભાઈબહેન = ભાઈ | અને | બહેન |
|---|---|---|
| | પૂર્વપદ સંબંધવાચક પદ | ઉત્તર પદ |

→ **અન્ય ઉદાહરણ :-**

1. ત્રણચાર - ત્રણ કે ચાર
2. માતાપિતા - માતા અને પિતા
3. આબોહવા - આભ અને હવા
4. વેરઝેર - વેર અને ઝેર
5. માતાપિતા - માતા અને પીતા
6. લાલપીળું - લાલ અને પીળું
7. અન્નપાણી - અન્ન અને પાણી
8. બેચાર - બે કે ચાર
9. શાકભાજી - શાક કે ભાજી
10. તડકાછાયડા - તડકા અને છાયડા
11. અંદર-બહાર - અંદર કે બહાર
12. જનમોજનમ - જનમ અને મરણ
13. લોચનમન - લોચન અને મન
14. નિગમઅગમ - નિગમ અને અગમ
15. રાતદિવસ - રાત અને દિવસ
16. સંકલપવિલપ - સંકલપ અને વિકલપ
17. મુખોમુખ - મુખ અને મુખ
18. રામલખમપ - રામ અને લખમણ
19. દંપતી - પતિ અને પત્ની
20. સૂરણબટાટા - સૂરણ અને બટાટા
21. સ્ત્રીપુરુષ - સ્ત્રી અને પુરુષ
22. નાટકસિનેમા - નાટક અને સિનેમા

23. દાળચોખા - દાળ અને ચોખા
24. એકબે - એક કે બે
25. દાળભાત - દાળ અને ભાત
26. બાલબચ્ચાં - બાળ કેબચ્ચાં
27. પૂજા-પ્રાર્થના - પૂજા કે પ્રાર્થના
28. સવારસાંજ - સવાર અને સાંજ
29. ખાદ્યુંપીદ્યું - ખાદ્યું અને પીદ્યું
30. સાઠસિત્તેર - સાઠ કે સિત્તેર
31. વાડીખેતર અ વાડી કે ખાતર
32. કાનનાક - કાન અને નાક
33. પાંચપંદર અ પાંચ કે પંદર
34. વહેલીમોડી - વહેલી કે મોડી
35. રાતદિ' - રાત અને દિવસ
36. ઊંચાનીચા - ઊંચા કે નીચા
37. હાથપગ - હાથ અને પગ
38. આજકાલ - અનજ અને કાલ
39. ઉઠકબેઠક - ઉઠક કે બેઠક
40. મનોમન - મનમાં અને મનમાં
41. માબાપ - મા અને બાપ
42. સુખદુ:ખ - સુખ અને દુ:ખ
43. લદવાવાંચવા - લખવા કે વાંચવા
44. સિંહવાઘ - સિંહ અને વાઘ
45. છસાત અ છ કે સાત
46. દાગીનાઘરેણાં - દાગીના કે ઘરેણાં
47. ફૂલફળ - ફૂલ અને ફળ
48. કાળાભૂરાં - કાળા કે ભૂરાં
49. મરુણકથ્થાઈ - મરુણ અને કથ્થાઈ
50. ઉદ્વેગો-ઉત્તાપો - ઉદ્વેગો કે ઉત્તાપો
51. મોજમજા - મોજ અને મજા
52. શુભ-અશુભ - શુભ અને અશુભ
53. દુરસુદૂર - દૂર કે સુદૂર
54. નળદમયંતી - નળ અને દમયંતી
55. નરનારી અ નર અને નારી
56. છાનુંછૂપું - છાનું કે છૂપું
57. કવિકલાકાર - કવિ અને કલાકાર
58. સાધુસંન્યાસી - સાધુ કે સંન્યાસી
59. જાણ્યેઅજાણ્યે - જાણ્યે કે અજાણ્યે
60. ચડવુંઊતરવું - ચડવું કે ઊતરવું
61. કચ્છઅંજાર - કચ્છ અને અંજાર
62. લીલીલીલી - લીલી અને લીલી
63. સોનારૂપાં - સોના કે રૂપાં
64. પૂર્વપશ્ચિમ - પૂર્વ અને પશ્ચિમ
65. વેરઝેર - વેર અને ઝેર
66. સૌમ્યરૌદ્ર - ઔમ્ય અને રૌદ્ર
67. અસ્તવ્યસ્ત - અસ્ત કે વ્યસ્ત
68. અંજળ - અન્ન અને જળ
69. કરાલકોમળ : કરાલ કે કોમળ
70. કીર્તન-ઓચ્છવ - કીર્તન અને ઓચ્છવ
71. જીવજંતુ - જીવ અને જંતુ
72. ગુણજશ - ગુણ અને જશ
73. હરખશોક - હરખ અને શોક
74. ખટમીઠાં - ખાટાં અને મીઠાં
75. હલનચલન - હલન અને ચલન
76. રુચિ-અરુચી - રુચિ અને અરુચી
77. મનહૃદય - મન અને હૃદય
78. મોજશોખ - મોજ અને શોખ
79. હિન્દીગુજરાતી - હિન્દી અને ગુજરાતી
80. વાંકાચૂકા - વાંકા અને ચૂકા

# 2. તત્પુરુષ સમાસ

➤ જે સમાસમાં પ્રથમ શબ્દ (પૂર્વપદ) પછીના શબ્દ (ઉત્તરપદ) સાથે વિભક્તી સંબંધથી જોડાયેલ હોય તેને તત્પુરુષ સમાસ કહે છે.

➤ સામાન્ય રીતે આવા પ્રકારના સમાસમાં ઉત્તરપદ પ્રધાન અને પૂર્વપદ ગૌણ હોય છે એટલે પૂર્પદ કરતાં ઉત્તરપદ વધારે મહત્વનું હોય છે.

| વિભક્તિઓ | કારક | પ્રત્યય | ઉદાહરણ (વિગ્રહ સાથે) |
|---|---|---|---|
| 1. પ્રથમા | કર્તા | 0,એ | - |
| 2. દ્વિતીયા | કર્મ | 0,ને | પ્રેમવશ - પ્રેમને વશ |
| 3. તૃતીયા | કરણ | થી,થકી,વડે | યોગયુક્ત - યોગથી યુક્ત |
| 4. ચતુર્થી | સંપ્રદાન | માટે, વાસ્તે, કાજે, સારું | દેશદાઝ - દેશ માટેદાઝ |

| | | | |
|---|---|---|---|
| 5.પંચમી | અપાદાન | માંથી,અંદરથી, ઉપરથી મુક્ત | ચિંતામુક્ત - ચિંતામાંથી |
| 6.ષષ્ઠી | સંબંધ | નો,ની,નું,ના બાહુનું બળ | બાહુબળ - |
| 7.સપ્તમી | અધિકરણ | માં,અંદર,ઉપર | વનવાસ - વનમાં વાસ |

→ **ઉદાહરણ :-**

1. ભૂતળ - પૃથ્વીની સપાટી, ભૂ (પૃથ્વી)નું તળ
2. રાજકુમાર - રાજાનો કુમાર
3. રાજમહેલ - રાજાનો મહેલ
4. ગામસીમાડે - ગામના સીમાડે
5. ગદાપ્રહાર - ગદાનો પ્રહાર
6. રત્નજડિત - રત્નથી જડિત
7. અરુણઉદય - અરુણનો ઉદય
8. પત્રવ્યવહાર - પત્રનો વ્યવહાર
9. વનવાસ - વનમાં વાસ
10. નંદકુમાર - નંદનો કુમાર
11. સંસારસેવક - સંસારના સેવક
12. મિટ્ટીકણ - મિટ્ટીનો કણ
13. માનવજાત - માનવની જાત
14. પૃથિવીવલ્લભ - પૃથિવીનો વલ્લભ
15. નૌકારોહણ - નૌકાનું રોહણ
16. રાજભવન - રાજાનું ભવન
17. ચિંતામણી - ચિંતાથી ભરેલી
18. પુણ્યપ્રભાવ - પુણ્યનો પ્રભાવ
19. સ્નેહભીની - સ્નેહથી ભીની
20. મોહાંધ - મોહથી અંધ
21. ગજેન્દ્ર - ગજમાં ઈન્દ્ર (રાજા)
22. દર્દભર્યા - દર્દથી ભરેલા
23. પાપમુક્ત - પાપથી મુક્ત
24. નિત્યક્રમ - નિત્યનો ક્રમ
25. ધ્યાનભંગ - ધ્યાનથી ભંગ
26. નરપુંગલ - નરોમાં પુંગલ (શ્રેષ્ઠ)
27. જળધારા - જળની ધારા
28. સર્પદંશ - સર્પનો દંશ
29. ગોવિંદગુણ - ગોવિંદના ગુણ
30. વૃંદાવન - વૃંદાનું વન
31. નંદકુવર - નંદનો કુંવર
32. નામાંકીત - નામથી અંકીત
33. મતભેદ - મતનો ભેદ
34. ક્રમભંગ - ક્રમનો ભંગ
35. ઘરપ્રવેશ - ઘરમાં પ્રવેશ
36. માયાજાળ - માયાની જાળ
37. માનવજીવન - માનવનું જીવન
38. વનપટ - વનનો પટ
39. રસભરેલાં - રસથી ભરેલાં
40. વનલાવરી - વનની લાવરી
41. ચંદ્રયુગ - ચંદ્રનો યુગ
42. સર્જનખેલ - સર્જનનો ખેલ
43. વૃક્ષપ્રીતિ - વૃક્ષ પ્રત્યેની પ્રીતિ
44. વક્ષસ્ત્રાણ - વક્ષ માટે ત્રાણ
45. જીવનચેતના - જીવનની ચેતના
46. રહસ્યઘેરાં - રહસ્યથી ઘેરાં
47. વનસૌંદર્ય - વનનું સૌંદર્ય
48. ધ્યાનનિમગ્ન - ધ્યાનમાં નિમગ્ન
49. અહ્મબોજ - અહ્મનો બોજ
50. કર્ણપ્રિય - કર્ણને પ્રિય
51. ભયગ્રસ્ત - ભયથી ગ્રસ્ત
52. જીવનપ્રસંગો - જીવનના પ્રસંગો
53. આંતરપ્રેરિત - આંતર વડે પ્રેરિત
54. આત્મશિસ્ત - આત્માની શિસ્ત
55. વાતાવરણ - વાતાનું વરણ
56. રામવિજય - રામનો વિયજ
57. માતૃભક્ત - માતૃનો ભક્ત
58. વજ્રઘાત - વ્રજનો આઘાત
59. મહિમ્નસ્ત્રોત - મહીમાનું સ્ત્રોત્ર
60. સોનામહોર - સોનાની મહોર
61. શીરપાઘ - શીરનો પાઘ
62. હરિજન - હરિનો જન
63. ઘરઘંધો - ઘબરનો ધંધો
64. રાજગૃહ - રાજાનું ગૃહ
65. સ્નેહભીનાં - સ્નેહથી ભીના
66. સ્ત્રીપાત્ર - સ્ત્રીનું પાત્ર
67. હરિઈચ્છા - હરીની ઈચ્છા
68. જિલ્લાપ્રમુખ - જિલ્લાના પ્રમુખ
69. હરખઘેલા - હરખથી ઘેલા
70. સ્ત્રીજાત - સ્ત્રીની જાત

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

71. વિદ્યાર્થી - વિદ્યાનો અર્થી
72. માનવજીવન - માનવનું જીવન
73. શિવાલય - શીવનું આલય
74. દરિયાકાંઠે - દરિયાના કાંઠે
75. વાહનવ્યવહાર - વાહનનો વ્યવહાર
76. વિજ્ઞાનશિક્ષક - વિજ્ઞાનના શિક્ષક
77. રંગભુમી - રંગની ભૂમિ
78. રામહેલ - રાજાનો મહેલ
79. શસ્ત્રસજ્જ - શસ્ત્રથી સજ્જ
80. રાજ્યસત્તા - રાજ્યની સત્તા
81. નર્મદાકાંઠે - નર્મદાના કાંઠે
82. કાળભર્યા - કાળથી ભરેલા
83. ચરણભર્યા - ચરણથી ભરેલાં
84. જલસમૃદ્ધી - જલની સમૃદ્ધિ
85. ધ્યાનભંગ - ધ્યાનથી ભંગ
86. માલવરાજ - માલવનો રાજા
87. ગજરાજ - ગજ( હાથીઓ )માં રાજા
88. આનંદઘેલા - આનંદથી ઘેલા
89. પુણ્યપ્રભાવ - પુણ્યનો પ્રભાવ
90. મરણશરણ - મરણને શરણ
91. નિત્યક્રમ - નિત્યનો ક્રમ
92. પુત્રજન્મ - પુત્રનો જન્મ
93. દર્દભર્યા - દર્દથી ભરેલાં
94. મોરપિચ્છ અ મરોના પીંછાં
95. રાજપુરોહીત - રાજાના પુરોહીત
96. હૃદયનાથ - હૃદયના નાથ
97. કલ્પનારોપતી - કલ્પનાથી આરોપિત
98. નગરજનો - નરગના જનો
99. પરાદીન અ પરને આધીન
100. સ્વાધીન - સ્વને આધીન
101. પ્રેમવશ - પ્રેમને વશ
102. મદોન્મત - મદથી ઉન્મત
103. જન્મજાત - જન્મથી જાત
104. સર્વોત્તમ - સર્વમાં ઉત્તમ
105. જગદીશ - જગતનો ઈશ
106. બ્રહ્માનંદ - બ્રહ્મનો આનંદ
107. મોરારિ - મુરના અરી
108. વૃંદાવન - વૃંદાનું વન
109. શ્યામશરીર - શ્યામનું શરીર
110. જગતભગત - જગતના ભગત
111. મૂરખહાથે - મૂરખના હાથે
112. ચંદનડાળે - ચંદનની ડાળે
113. ઈન્દ્રપ્રસ્થજનો - ઇન્દ્રપ્રસ્થાના જનો
114. પુરવાસી - પુરના વાસી
115. શિશૂળ - શિરનું શૂળ
116. સ્મૃતિપડ - સ્મૃતિનું પડ
117. શિશુસમય અ શીશુનો સમય
118. બાળવેશે - બાળના વેશે
119. મદર્થે - મારા અર્થે
120. વહનગીત - વહનનું ગીત
121. યાત્રાધામ - યાત્રાનું ધામ
122. ગંગોદક - ગંગાનું ઉદક
123. મઢીઓટે - મઢીના ઓટલે
124. સ્ત્રીસ્વાતંત્ર્ય - સ્ત્રીનું સ્વાતંત્ર્ય
125. એથી એ વધારે કર્ણપ્રીય અવાજ તો દૂરથી બોલતા કોઈ પંખીનો છે.
126. ઉદ્ગ્રીવ
127. જયતભગત
128. માનવસેવા
129. વનશ્રી

# 3. મધ્યમપદલોપી સમાસ

➤ તત્પુરુષ સમાસમાં વિભક્તીનો પ્રત્યય લોપ પામ્યો હોય છે. જ્યારે આ પ્રકારના સમાસમાં પૂર્વપદ ઉત્તરપદ વચ્ચે રહેલું ‘મધ્યમપ’ લોપ પામેલું હોય છે. વિગ્રહ કરતી વખતે મધ્યમપદ ઉમેરીએ તો જ તેનો અર્થ બરાબર સમજાય છે.

→ **ઉદાહરણ :-**

1. આગગાડી - આગ વડે ચાલતી ગાડી
2. ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી
3. દીવાદાંડી - દીવો બતાવતી દાંડી
4. આરામખુરશી - આરામ કરવા માટેની ખુરશી
5. દવાખાનું - દવા માટેનું ખાનું
6. દીવાસળી - દીવોપેટાવનારી સળી
7. દવાખાનું - દવા માટેનું ખાનું

8. વર્તમાનપત્ર - વૃતમાન આપનારું પત્ર
9. શિષ્યવૃતી - શિષ્યને આપવામાં આવતી વૃત્તિ
10. આગબોટ - આગ વડે ચાલતી બોટ
11. આગગાડી - આગ વડે ચાલતી ગાડી
12. ઘોડાગાડી - ઘોડા વડે ચાલતી ગાડી
13. વિદ્યાલય - વિદ્યા મેળવવાનું આલય
14. શાંતિનિકેતન - શાંતિ આપનાર નીકેતન
15. સિંહાસન - સિંહની આકૃતિવાળું આસન
16. વૃંદાવન - વૃંદાથી ભરેલું વન
17. સભાગૃહ - સભા ભરવા માટેનું ગૃહ
18. દીવાદાંડી - દીવોબતાવતી દાંડી
19. પ્રમાણપત્ર - પ્રમાણ આપતું પત્ર
20. ટપાલપેટી - ટપાલ નાખવાની પેટી
21. લોકગીત - લોકો દ્વારા ગવાતું ગીત
22. હાથરૂમાલ - હાથમાં રાખવાનો રૂમાલ
23. આરામખુરશી - આરામ કરવા માટેની ખુરશી
24. મરણપોક - મરણ સમયે મૂકવામાં આવતી પોક
25. હાથચાલાકી - હાથ વડે કરવામાં આવતી ચાલાકી
26. દહીંવડાં - દહીંમાં ભેળવેલા વડા
27. લોકવાયકા - લોકોમાં પ્રચલિત વાયકા
28. મર્મવચન - મર્મથી ભરેલા વચન
29. બ્રહ્મભોજન - બ્રાહ્મણોને અપાતું ભોજન
30. કલ્પવૃક્ષ - કલપેલું આપનારું વૃક્ષ
31. માનવકૃતી - માનવે રચેલી કૃતિ
32. રાહતકાર્ય - રાહત માટે આપવામાં આવતું કાર્ય
33. કીર્તનઓચ્છવ - કીર્તન દ્વારા ઊજવાતો ઓચ્છવ
34. કંચનચૂડો - કંચનમાંથી બનાવેલ ચૂડો
35. દુઃખવિયોગ - દુઃખ આપનાર વિયોગ
36. સુદરવરસંજોગ - સુંદરવર સાથે સંજોગ
37. સ્મૃતિછબી - સ્મૃતિમાં રહેલી છબી
38. દાળ-ચોખા - દાળ ભેળવેલા ભોખા
39. કાગળ દાબણિયું - કાગળ દાબવા માટેનું દાબણિયું
40. મેઘધનુષ - મેઘથી રચાતું ધનુષ
41. સ્મૃતિપટ - સ્મૃતિથી અંકીત પટ
42. જકાતનાકું - જકાત ભરવાનું નાકું
43. ઘરઘંઘો - ઘરમાં રહીને કરાતો ઘંઘો
44. રાતવાસો - રાતે કરેલો વાસો
45. મઘુપુષ્પો - મઘુથી પૂર્ણ પુષ્પો
46. સૂર્યમુખી - સૂર્ય તરફ મુખ કરતું ફૂલ
47. ભજનમંડળી - ભજન કરવા એકત્રિત થયેલી મંડળી
48. પૂરણપોળી - પૂરણ ભરેલી પોળી
49. રાજમહેલ - રાજાને રહેવાનો મહેલ
50. પાયદળ - પગે ચાલીને લડનારું દળ
51. શીરપાઘ - શીરપર પહેરવાનો પાઘ
52. વિજયસેના - વિજયની ઈચ્છાવાળી સેના

# 4. ઉપપદ સમાસ

➤ પૂર્વપદ અને ઉત્તરપદ સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલું હોય છે, પણ ઉત્તરપદ ક્રિયાપદ પરથી બનેલો શબ્દ હોય છે, ક્રિયાધાતુ હોય છે.

→ **ઉદાહરણ :-**

૧. નીરજ - નીરમાં જન્મનાર
૨. પાપતોડ - પાપડને તોડનાર
૩. પગરખું - પગનું રક્ષણ કરનાર
૪. ગ્રંથકાર - ગ્રંથનો કરનાર
૫. ગૃહસ્થ - ગૃહમાં રહેનાર
૬. ગિરિધર - ગિરિને ધારણ કરનાર
૭. ભયંકર - ભય કરનાર
૮. ગોપાળ - ગાયોનો પાળનાર
૯. ગૃહસ્થ - ગૃહમાં રહેનાર
૧૦. જ્ઞાનદા - જ્ઞાન આપનાર
૧૧. તટસ્થ - તટમાં રહેનાર
૧૨. પંકજ - પંકમાં જન્મનાર
૧૩. ગ્રંથકાર - ગ્રંથ કરવાવાળો / બનાવનાર
૧૪. ઘર્મજ્ઞ - ઘર્મને જાણનાર
૧૫. સુઘાકર - સુઘાને કરનાર
૧૬. મનોહર - મનને હરનાર
૧૭. પૂર્વજ - પૂર્વે જન્મનાર
૧૮. સત્યવાદી - સત્ય વદનાર
૧૯. હરામખોર - હરામનું ખાનાર
૨૦. કદરદાન - કદરને જાણનાર
૨૧. તત્ત્વજ્ઞ - તત્વને જાણનાર
૨૨. ગૌરપ્રદ અ ગારવ આપનારું
૨૩. કૃતજ્ઞ - કૃતને ઘારણ કરનાર
૨૪. આયુઘઘારી - આયુઘને ઘારણ કરનાર

૨૫. નૃમદા - નર્મ (આનંદ) આપનાર
૨૬. જીવરખું - જીવને રાખનાર
૨૭. ઉદ્ધારક - ઉદ્ધાર કરનાર
૨૮. પ્રેમદા - પ્રેમને અર્પનાર
૨૯. ગિરિધર - ગિરિને ધારણકરનાર
૩૦. સ્વર્ગસ્થ - સ્વર્ગે રહેનાર
૩૧. પાપાચારી - પાપ આચરનાર
૩૨. પગરખું - પગનું રક્ષણ કરનાર
૩૩. વારિધિ - વારીને ધરનાર
૩૪. અધયદા - અભય અર્પનાર
૩૫. દિલદાર- દિલને દેનાર
૩૬. આનંદજનક = આનંદનો જન્માવનાર

## ૫. કર્મધારય સમાસ

➤ તત્પુરુષ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે બીજીથી સપ્તમી વિભક્તી સુધીના સંઘંઘ હોય છે. જ્યારે કર્મધારય સમાસમાં બંને પદો પહેલી વિભક્તિના સંબંધથી જોડાયેલાં હોય છે. તેમાં હેક પદ વિશેષણ અને બીજું પદ વિશેષ્ય હોય છે. અથવા બંને પદ વિશેષણ હોય છે.

→ **ઉદાહરણ :-**

૧. મહાદેવ - મહાન એવા દેવ
૨. મહોત્સવ - મહાન ઉત્સવ
૩. કાજળકાળી - કાજળ જેવી કાળી
૪. નરસિંહ - સિંહ જેવો નર
૫. દેહલતા - દેહ રૂપી લતા
૬. જ્ઞાનસાગર - જ્ઞાનરૂપી સાગર
૭. પરદેશ - પર (બીજો) દેશ
૮. મહાસિદ્ધી - મહાન એવી સિદ્ધી
૯. ભક્તીપદારથ - ભક્તિરૂપી પદારથ
૧૦. પરમાર્થી - પરમ અર્થી
૧૧. શ્યામશરીર - શ્યામ એવું શરીર
૧૨. સુંદરવર - સુંદર એવો વર
૧૩. સતગુરુ - સાચો ગુરુ
૧૪. સતસંગ - સાચો સંગ
૧૫. પાણીપોચા - પાણી જેવું પોચું
૧૬. તીર્થોત્તમ - ઉત્તમ તીર્થ
૧૭. નવજાત - નવી જાતા (જન્મેલ)
૧૮. અમૃતઝરા - અમૃત રૂપી ઝરો
૧૯. અમરવેલ - અમર એવી વેલ
૨૦. હરિવર - હરિ એજ વર
૨૧. પ્રીતિકાંઠા - પ્રીતિરૂપી કાંઠા
૨૨. પ્રીતિસાગર - પ્રીતમ એ જ સાગર
૨૩. અધમપ - અડધો મણ
૨૪. દીર્ઘદૃષ્ટિ - દીર્ઘ એવી દૃષ્ટિ
૨૫. ગાયમાતા - ગાય એ જ માતા
૨૬. દુકાળ - દુષ્ટ કાળ
૨૭. ભૂતકાળ - વીતેલો કાળ
૨૮. લંબગોળ - લાંબુ ગોળ
૨૯. જ્ઞાનબળ - જ્ઞાન એ જ બળ
૩૦. પરમમિત્ર - પરમ મિત્ર
૩૧. સ્ત્રીરત્ન - સ્ત્રી એ જ રત્ન
૩૨. મહાશાળા - મહાન શાળા
૩૩. મહાપુરુષ - મહાન એવો પુરુષ
૩૪. સર્જનખેલ - સર્જન એ જ ખેલ
૩૫. નવપલ્લવ - નવા પલ્લવો
૩૬. અહ્મબોજ - અહ્મરૂપી બોજ
૩૭. ભરપેટે - ભરેલા પેટે
૩૮. સુસ્વર - સારો સ્વર
૩૯. અંતર્ભાવ - અંદરનો ભાવ
૪૦. મધ્યરાત્રિ - મધ્ય રાત્રિ
૪૧. વરદાન - શ્રેષ્ઠ દાન
૪૨. મધરાત - મધ્ય રાત
૪૩. આંતરપ્રવાહ - અંદરનો પ્રવાહ
૪૪. ભરસભા - ભરી સભા
૪૫. પરદેશ - બીજો દેશ
૪૬. અધમૂઓ - અર્ધો મૂએલો
૪૭. દેહલતા - દેહરૂપી લતા
૪૮. કાજળકાળી - કાજળ જેવી કાળી
૪૯. જ્ઞાનસાગર - જ્ઞાનરૂપી સાગર
૫૦. વ્યક્તિવિશેષણ - વિશિષ્ઠ વ્યક્તિ
૫૧. નરસિંહ - સિંહ જેવો નર
૫૨. ઘનશ્યામ - ઘન જેવો શ્યામ
૫૩. શ્યામવર્ણ - શ્યામ એવો વર્ણ
૫૪. અધખુલ્લી - અડધી ખુલ્લી
૫૫. ક્ષણેક - એક ક્ષણ

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

૫૬. વિચારવહેણ - વિચારરૂપી વહેણ

૫૭. સિધ્ધપુરુષ - સિધ્ધ એવા પુરુષ

૫૮. પરતિકૃતિ - સામી કૃતિ

૫૯. નિ:સ્વાર્થ : સ્વાર્થ વિનાનું

૬૦. સમભાવ - સમ એવો ભાવ

૬૧. નરપુંગવ : શ્રેષ્ઠ નર

૬૨. સજ્જન - સારો જન

૬૩. મુખારવિંદ - અરવિંદ જેવું મુખ

૬૪. સત્યનારાયણ - સત્ય એ જ નારાયણ

૬૫. એકમાત્ર - માત્ર એક

# 6. બહુવ્રીહી સમાસ

➢ કર્મધારય સમાસની જેમ બહુવ્રીહી સમાસમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તર પદ વિશેષ્ય હોય છે. છતાં આ બંને પ્રકારના સમાસ વચ્ચે એક તફાવત છે. કર્મધારય સમાસમાં બંને પદો વચ્ચે પહેલી વિભક્તિનો સંબંધ હોય છે. જ્યારે બહુવ્રીહી સમાસમાં બંને પદો વચ્ચે પહેલી સિવાયની વિભક્તિનો સંબંધ હોય છે.

➢ બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરતી વખતે જેને, જેમને, જેનાં જેમનાં, જેમાં, જેમનામાં વગેરે 'જે' સર્વનામના રૂપે વપરાય છે.

➢ બહુવ્રીહી સમાસના બંને પદો વચ્ચે વિશેષણ - વિશેષ્ય નો સંબંધ, ઉપમાન અ ઉપમેયનો સંબંધ હોય છે.

→ **ઉદાહરણ :-**

૧. ગજાનન - ગજના જેવું આનન (મુખ) જેનું છે તે

૨. ધર્મનિષ્ઠ - ધર્મમાં જેમની નિષ્ઠા છે એવો

3. હતાશ - જેની આશા હત (ખતમ) થઈ છે તેવો

૪. એકચિત - એક છે ચિત્ત જેમનું તે

૫. નકામું - નથી કામ જેનું તે

૬. ચોપગું - ચાર છે પગ જેના તે

૭. મુશળધાર - મુશળ જેવી છે ધાર જેની તે

૮. શ્યામશરીર - શ્યામ છે શરીર જેનું તે

૯. અજાણ - નથી જાણ જેને તે

૧૦. નિષ્કારણ - નિર્ગત છે કાર જેમાંથી તે

૧૧. નિષ્ફળ - નિર્ગત છે ફળ જેમાંથી તે

૧૨. ઉદ્‌ગીવ - ઊંચી છે ગ્રીવા જેમાં તે

૧૩. બહુરૂપી - બહુ છે રૂપ જેના તે

૧૪. અનર્ગળ - નથી અર્ગલ જેને તે

૧૫. દીર્ઘદૃષ્ટિ - દીર્ઘ છે દૃષ્ટિ જેની તે

૧૬. પાણીપંથો - પાણીના જેવો પંથ જેનો છે તે

૧૭. અમૂલ્ય - નથી મૂલ્ય જેનું તે

૧૮. અમર્યાદા - નથી મર્યાદા જેમાં તે

૧૯. સ્થિતપ્રજ્ઞ - સ્થિત છે પ્રજ્ઞા જેની તે

૨૦. નિ:સ્પૃહ - નિર્ગત છે સ્પૃહા જેમાંથી તે

૨૧. અવિભાજ્ય - વિભાજ્ય નહી તે

૨૨. અખંડ - નથી ખંડ જેનો તે

૨૩. અભેદ - નથી ભેદ જેમાં તે

૨૪. ઈન્દ્રિયજડ - ઈન્દ્રિયો છે જડ જેની તે

૨૫. તાંબાવરણાં - તાંબા જેવો છે વર્ણ જેમનો તે

૨૬. નવપલ્લવ - નવા છે પલ્લવ જેની તે

૨૭. હતાશ - હત છે આશા જેની તે

૨૮. મયૂરવાહિની - મયૂર જેનું વાહન છે તે

૨૯. કૃતાર્થ - કૃત થયો છે અર્થ જેનો તે

૩૦. ક્ષણભંગુર - જેનો ક્ષણમાં નાશ થયો છે તે

૩૧. દામોદર - દોરડું છે જેના ઉદર પર તે

૩૨. ધર્મનિષ્ઠ - ધર્મમાં જેમની નિષ્ઠા છે એવો

૩૩. ક્ષણભંગુર - જેનો ક્ષણમાં નાશ થયો છે તે

૩૪. મહાસર્જક - મહાન સર્જક છે જેનું તે

૩૫. સત્યરૂપ - સત્ય છે રૂપ જેનું તે

૩૬. નિર્મળ - નથી કોઈ મળ જેમાં તે

૩૭. નિર્દોષ - નથી કોઈ દોષ જેમાં તે

૩૮. નીડર - નિર્ગત થયો છે ડર જેનો તે

# 7. અવ્યયીભાવ સમાસ

➢ જે સમાસ અવ્યય અથવા ક્રિયા વિશેષણ તરીકે વપરાયો હોય તેને અવ્યયીભાવ સમાસ કહે

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

છે. પૂર્વપદ અવ્યય પર યથા, પ્રતિ વગેરે હોય અથવા તો આખો સમાસ અવ્યય તરીકે વપરોતો હોય તેવા સમાસને અવ્યયીભાવ કહે છે.

→ ઉદાહરણ :-

૧. યથાશક્તી - યથાશક્તિ પ્રમાણે
૨. ચોતરફ - ચારે તરફ
૩. આબાલવૃદ્ધ - બાળકથી માંડી વૃદ્ધ સુધી
૪. યથાબુદ્ધી - બુદ્ધિ પ્રમાણે
૫. પ્રતિદિન - પ્રત્યેક દિન
૬. યથાર્થ - યોગ્ય રીતે
૭. રાતોરાત - રાતે ને રાતે

## 8. દ્વિગુ સમાસ

→ કર્મધારય સમાસમાં વિશેષણને સ્થાને હોય છે. અહીં સંખ્યાવાચક વિશેષણ હોય છે. જેમ કે....

૧. ત્રિલોક - ત્રણ લોકનો સમૂહ
૨. પખવાડિયું - પંદર વારનો સમુદાય
૩. પંચતત્ત્વ - પંદર તત્ત્વનો સમૂહ
૪. નવરાત્રી - નવરાત્રિઓનો સમૂહ
૫. નવરસ - નવ રસનો સમૂહ
૬. નવરૂગ - નવ રંગનો સમૂહ
૭. પંચનાદ - પાંચ નદીઓનો સમૂહ
૮. ત્રિભુવન - ત્રણ ભુવનનો સમૂહ
૯. ષડરસ - છ રસનો સમૂહ
૧૦. ચોમાસું - ચાર માસનો સમૂહ
૧૧. સહસ્ત્રલિંગ - સહસ્ત્ર લિંગનો સમૂહ
૧૨. પંચવટી - પાંચ વડનો સમૂહ

નવી બેચ 7, 14, 21 જુલાઈ
નાયબ Dy. S.O. મામલતદાર મુખ્ય પરીક્ષા
ગુજરાતી પેપર - 1 : 100 માર્ક્સ
English પેપર - 2 : 100 માર્ક્સ
સામાન્ય અભ્યાસ પેપર - 3 : 100 માર્ક્સ
TET-I (12 Pass + P.T.C.) ફી Rs. 9500/-
બેચ ટાઈમ : સવારે 9 થી 12 • બપોરે 12 થી 2 • સાંજે 7 થી 9
પાસ થવાની 100% ગેરંટી 10 જુલાઈ 2015 થી વર્ગો શરૂ
માર્ગદર્શક : શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., LL.B., D. Pharm)
ગઢવી કરન્ટ અફેયર્સ એકેડેમી
: GCDA - નરોડા, અમદાવાદ :
F-1, સત્વ શારદા, ઉમા હોસ્પિટલ પાસે, નિકોલ રોડ, આદીશ્વરનગર, નરોડા, અમદાવાદ.
M. : 96013 38205
: GCDA - નડીયાદ :
બી-9, પહેલો માળ, વર્ગો કૉમ્પલેક્ષ, નડીયાદ.
M. : 96013 38206

# 6 અલંકાર ઓળખાવા

– શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B.)

➤ અલંકાર એટલે ઘરેણાં-આભૂષણ.આભૂષણની સજાવટ શોભા અર્પે છે. ભાષામાં વાણીને સજાવટ કરવાવાળા શોભાવાળા રૂપને ‘અલંકાર’ કહે છે. ભાષાનું કામશું ? મનના ભાવ કે વીચારને પ્રગટ કરવાનું કર્મ ભાષાનું છે, પરંતુ ભાવ કે વિચારને અસરકારક અને આકર્ષક રીતે પ્રગટ કરવા ભાષા કે વાણીને સજાવટ કરવામાં તેને શણગારવામાં તેને મનોહર બનાવવામાં જે રૂપ અર્પવામાં આવે તે ‘અલંકાર’ બને છે.અલંકારનો ઉપયોગ કવિતામાં થાય છે. પરંતુ તેનોઉપયોગ ગદ્યનીરૂપણમાં થાય છે. રસયુક્ત વાક્યને કાવ્ય કહે છે, પછી તે પદ્યપંક્તિ હોય કે ગદ્યકથન હોય.

➤ અલંકાર ભાષાને ચિત્તહર-મનહર, સરસ અને ચોટ બનાવે છે.

➤ અલંકારના પ્રકાર : બે પ્રકાર : (1) શબ્દાલંકાર (૨) અર્થાલંકાર

1. શબ્દાલંકાર : જે અલંકાર દ્વારા કેવળ શબ્દને જ ચમત્કૃતીભર્યા કે આકર્ષક બનાવવામાં આવે તેને શબ્દાલંકાર કહે છે. શબ્દાલંકારમાં શબ્દોની ખુબીની ચાવી તે તેના શબ્દો છે.

→ ઉદાહરણ : કૂંચી કરાવું કરુણાનંદ કેરી’માં શબ્દોની ખૂબી છે ને બદલે ‘ચાવી બનાવું કરુણાનંદ’ની અર્થયુક્ત શબ્દ બદલવાથી શબ્દ ચમત્કૃતિ નાશ પામે છે.

૨. અર્થાલંકાર ઃ જે અલંકાર દ્વારા અર્થને ચમત્કૃતિભર્યા કે આકર્ષક બનાવવામાં આવે તેને અર્થાલંકાર કહે છે.

→ ઉદાહરણ : ચાંદનીના ઢગલા જેવું હરણનું બચ્ચું રૂપાની સાંકળે બાંધેલું હતું.

➤ આ વાક્યમાં કાનને મધુર લાગે તેવો અક્ષર કે શબ્દ નથી. પણ હરણના બચ્ચાને ચાંદનીના ઢગલા સાથે સરખાવવામાં આવ્યું છે. તેથી અર્થ સચોટ અને સુંદર બન્યો છે. હરણના બચ્ચાંની સુંદરતાની સચોટ છાપ આપણા મન પર પડે છે. અર્થને સુંર સચોટ બનાવનાર અલંકારને અર્થાલંકાર કહે છે.

ધ્યાનમાં રાખવાની બાબતો :

➤ અલંકારનો અભ્યાસ કરતાં પહેલાં નીચેની બાબતોનો અભ્યાસ જરૂરી છે :

(1) ઉપમેય : જેને માટે કોઈ સરખામણી કરવામાં આવી હોય તેને ઉપમેય કહે છે.

(૨) ઉપમાન : વસ્તુને (ઉપમેયને) જેની સાથે સરખાવવામાં આવે તેને ઉપમાન કહે છે.

**A. ઉપમાનવાચક કે વાચક :** ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરતી વખતે સમ, સમાન, તુલ્ય, જેવું, શું, સમોવડું, જેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. આ સરખામણી સૂચવતા શબ્દોને ઉપમાવાચક કે વાચક પદો કહે છે.

→ **ઉદાહરણ :**

| દમયંતીનું મુખ | ચંદ્ર | જેવું | સુંદર | છે. |
|---|---|---|---|---|
| ઉપમેય | ઉપમાન | વાચક પદ | સાધારણ ધર્મ | |

**B. સાધારણ ધર્મ :** ઉપમેયને ઉપમાન સાથે કોઈએક સમાન ગુણની બાબતમાં સરખાવવામાં આવે છે કે એ ગુણને ‘સાધારણ ધર્મ’ કહે છે.

➤ (1) અનુપ્રાસ (વર્ણાનુપ્રાસ / વૃણસગાઈ) (૨) યમક (શબ્દાનુપ્રાસ) (3) પ્રાસસાંકળી (આંતરપ્રાસ) (4) અંત્યાનુપ્રાસ.

➤ અર્થાલંકારો ઃ (1) ઉપમા (૨) રૂપક (3) ઉત્પ્રેક્ષા (4) અનન્વય (૫) વ્યતિરેક (6) શ્લેષ (7) વ્યાજસ્તૃતિ (8) સજીવારોપણ

શબ્દાંલંકારના પ્રકારોની વિગતવાર સમજ :

## 1. વર્ણાનુપ્રાસ કે વર્ણસગાઈ

➤ વ્યાખ્યા ઃ વાક્યમાં એકનો એક વર્ણ (અક્ષર) શબ્દના આરંભે બે કે તેથી વધારે વખત આવે ત્યારે વર્ણસગાઈ કે વર્ણાનુપ્રાસ અલંકાર બને છે.

→ **ઉદાહરણ :**

1. નટવર નિરખ્યા નેન ! તેં...

૨. નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નીરખવા



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

નંદકુમાર રે.. 3. જળનો જવાન જળવતી બને.
4. કાશીમાએ કામ કાઢયું.
૫. મૂરખ મનમાં મોટા રે, અજાણ્યે ઉતારણ આણે.
6. કાળા કરમનો કાળો મોહન, કાળું એનું નામ.
7. નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.
8. હરિના જન તો મુક્તી ન માગે, માગે જનમોજનમ અવતાર રે.
9. ભરતખંડ ભૂતળમાં જનમી જેણે ગોવિંદ ગુણ ગાયા રે.
10. પરમાર્થી પરાક્રમી ઘણો, પર મુલકમાં પરવરે.
11. મઘવાદિક પણ મોતે મરે, કોણ માત્રમાં માનવી ?
12. લગન લગાડી આગ !
13. મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે.
14. વિપદ પડે પણ વણસે નહી.
15. તન જોગી મન કંચન કામની.
16. જાગ, જગન, જપ, તપ ને તીરથ તેમાં સહુથી મોટો સતસંગ
17. મૂરખ મનમાં મોટા રે, અજાણ્યે ઉતારણ આણે.
18. માડી મીઠી સ્મીત મધુરને ભવ્ય મૂર્તિ પિતાજી
19. સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના.
20. ભયની કાયાને પૂજા નથી.
21. જળમાં હવે જડતું નથી,તટને તપાસીએ.
22. કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
23. ખૂંદી ખમે માતા પ્રથમી, વાઢી અમે વનરાઈ.
24. તેના લથડબથડ અંગો...કાછિયો સૂરણબટાટા ગાંસડીમાં બાંધે તેમ, કાળી ઝીણી પોતડીથી બંધ બાંધી બાંધેલા હતાં.
25. શશીમુખ સરખું સુખ પાસે.
26. દીકરાઓ પાણીની પેઠે પૈસો વાપરે છે.
27. હળવે-હળવે હરજી,મારે મંદીરે આવ્યા રે.
28. અવર લેખે તે એકે અક્ષર નથી ઊકલતા મને.
29. નીચે એક નીડમાં નમણાં ને નિર્દોષ પારેવાં.
30. મુખ મરકાવે માવલડી.
31. ડાળીએ તિમિર ડોકિયું કરી તાકતું તારો કેડો.
32. કૃતવર્માએ કવચ કાપ્યું.
33. શુશ્રૂષા સાદી ના અમને આવડી.
34. લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવો જો !
35. પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા.
36. જળમાં હવે જડતું નથી તટને તપાસીએ.
37. મુખ મરકાવે માવડલી.
38. જળનો જવાન જળવતીબને.
39. કર્ષે કરમ કાન્હ સો કહીએ, મહાદેવ નિર્વાણ રી.
40. સાંકડી શેરીમાં સસરો સામા મળ્યા.
41. તારી તબીબી કાજે એ તલખી રહી.
42. કામીની કોકિલા કેલી કૂંજન કરે.
43. કૃતવર્માએ કવચ કાપ્યું.
44. મુખ મરકાવે માવલડી.

# 2. યમક (શબ્દાનુપ્રાસ)

➤ **વ્યાખ્યા :** એકનો એક અક્ષરસમૂહ બીજીવખત આવતો હોય અને બન્ને ઠેકાણે એના જુદા જુદા અર્થ થતા હોય ત્યારે યમક અલંકાર બને.

→ **ઉદાહરણ :**

1. માયાની છાયામાંથી કાયાને મુક્ત કરવા ગોવિંદરાયાની માયા કરો.
   (‘માયા’ શબ્દના બે અર્થ)
2. અખાડામાં જવાના કેં ઘણીવાર અખાડા કર્યા છે.
3. દીવા નથી દરબારમાં દીવા નથી છે અંધારું ઘોર.
   (‘દીવા નથી’,‘દીવા નથી’ એ સરખા ઉચ્ચારણવાળાં પદો છે તેમનો અર્થ બદલાઈ જાય છે.)
4. જોતાં વાંત જ હઈયું વિષયશર વીંધી લીધ વિષમ શરે.
   (વિષમશર - કામદેવ / વિષય શરે - વિષણ બાણોથી)
5. હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે.
6. સુખથી સુખ, દુ:ખથી દુ:ખ, મનલોચન ! એ રીત
7. જાંબાળા...ખોપાળા...તગડીને ભડી...નો ભાવનગર.

8. છકડો પાણીપંથો ઘોડો થઇ ગયો.
9. ગૂંથાયેલી જાળ કરાળ કાળ કેરી.
10. ન આવ્યો આત્મજ્ઞાની, ના'વ્યો ગુમાની
પોલ પોતાની પિછાની ! દાઝ દુનિયાની ન જાણી.
11. અખાડામાં જવાના મેં ઘણી વાર અખાડા કર્યા છે.
12. પોતે હરીને ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુ વેશ.
13. આ છે શ તુજ હાલ સુરત સોનાની મૂરત.
14. વેશ-ટેક છે આડી ગલી, પ.ઠો તે નવ શકે નીકળી.
15. ઝાડ પર ખિસકોલી ખેલ્યા કરે, ઉપર-નીચે અંધકારને ઠેલ્યા કરે.

# 3. આંતરપ્રાસ

➢ પહેલા ચરણના છેલ્લા શબ્દ અને બીજા ચરણના પહેલા શબ્દ વચ્ચે પ્રાસ રચાય ત્યારે પ્રાસસાંકળી કે આંતરપ્રાસ અલંકાર બને છે.

→ **ઉદાહરણ :**

1. વિદ્યા ભણિયો જેહ, તેહ, ઘેર વૈભવ રૂડો.
2. જાણી લે જગ દીશ, શીશ સદ્‌ગુરુને નામી.
3. મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા, પ્રસાદને કર્યો ઓચ્છવ.
4. ઘેર પધાર્યાં હરિગુણ ગાતા, વાતા તાલને શંખ મૃદંગ.

# 4. અંત્યાનુપ્રાસ

➢ કોઈપણ કડીની પહેલી લીટીને છેડે જેવા અક્ષરો આવે તેવા જ અક્ષરો બીજી લીટીને છેડે આવે ત્યારે અંત્યાનુપ્રાસ અલંકાર બને છે. અથવા પંક્તિને અંતે સમાન ઉચ્ચારવાળા શબ્ આવ્યા હોય.

→ **ઉદાહરણ :**

1. જો જો રે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યો ઢોલ.
2. જામી ગઈ તરત ઘોર, કરાલ રાત.
લાગી બધે પ્રસરવા પુર માંહી વાત.
3. દુર્યોધન પ્રેષિત દૂત એક, દેખાવામાં ઘાતક દુષ્ટ છેક.
4. જેની જશોદા માવલડી. ચરાવે ગોકુળ ગાવલડી
5. અત્તિયા ! અત્તરના સોદાન કીજીએ.
અત્તરિયા ! અત્તરતો એમનેમ દીજીએ.
6. ધન વૃંદાવન, ધન એ લીલા, ધન એ વ્રજના વાસી રે. અષ્ટ મહાસિદ્ધી આંગણિયે રે ઊભી, મુક્તી છે એની દાસી રે.
7. વિદ્યા ભણિયો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.
8. લોચન મનનો રે ! કે ઝઘડો લોચન મનનો !
રસિયા તે જનનો રે ! કે ઝઘડો લોચન મનનો !
9. નહી વૃક્ષ નહી વેલ, નહી પાને નહી ફૂલે,
નહિ નેત્ર નહી બીજ, કણેકણ અતિ અમૂલ્યે.
10. મન ! લોચનનો પ્રાણ તું, લોચન તું મન કાય
11. હીરાની પરીક્ષા રે, ઝવેરી હોય તે જાણે
મૂરખ મનમાં મોટા રે, અજાણ્યે ઉતારણ આણે.
12. નામી ગઈ તરત ઘોર કરાલ રાત
લાગી બધે પ્રસરવા, પુર માંહી વાત.
13. ઉદ્‌ગીવ દૃષ્ટી કરતા નભ શૂન્ય ભાસે.
ઝાંખી દિશા પણ જણાય અનિષ્ટ પાસે.
14. બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અન્હદ ગતિ, નાથ મ્હારા ત્હમારી.
15. ભયની કાયાને ભુજા નથી, નથી વળી સંશયને પાંખ, ભરોસે ચાલ્યા જે અનભે રંગમાં, ફૂટી એને રૂંવે રૂંવે આંખ.
16. જળમાં હવે જડતું નથી,તટને તપાસીએ.
એ બિંબ શોધી કાઢવા મનને તપાસીએ.
17. અતિ ભલો નહીં બોલવું, અતિ ભલી નહીં ચૂપ,
અતિ ભલો નહીં. વરસવું, અતિ ભલી નહીં. ધૂપ

# અર્થાલંકારના પ્રકારો

# 1. ઉપમા

➢ બે જુદી જુદી વસ્તુઓ કોઈ એક ખાસ ગુણ અંગે સરખામણી કરવામાં આવે અથવા ઉપમેયની ઉપમાન સાથે સરખામણી કરવામાં આવે, તેને ઉપમા અલંકાર કહે છે.

➢ નોંધ : જેવું, જેવી, જેવો, સમાન, સરખો, શો,

જેમ, સમોવડું,પેઠે, શી, સદૃશ, તુલ્ય, સમું... જેવા ઉપાસૂચક શબ્દો દ્વારા સરખામણી થાય.

→ **ઉદાહરણ :**

1. ડોહો સોટા જેમ હાલવાચાલવા લાગ્યો.
૨. શામળ કહે બીજા બાપડા, પ્હાણ સરીખા પારખ્યા.
3. વજ્જર સમાણા ૅાટના ગઢને તપાસીએ.
4. શરૂઆતમાં એ લોકો પીળચટા વાઘ જેવા લાગતા.
૫. ધીમે ધીમે તે ડગ ધરતો - કોઈ મત્ત જગેન્દ્રની માફક.
6. દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.
7. શામળ કહે બીજા બાપડાં, પ્હાણ સરીખા પારખ્યા.
8. શિશુ સમાન ગણી સહદેવને.
9. વજ્જરસમાણા કોટના ગઢને તપાસીએ
10. પગલું લાંક વિનાનું ઊંટના જેવું પડતું
11. અંધારામાં જુઓ તો બે આંખો દીવા જેવી ઝગારા મારે.
12. મોતી અમારી કૂતરી હતી. મોતી જેવી સફેદ, તેવી સુંદર, સુંવાળી.
13. ડોહો સો। જેમ હાલવાચાલવા લાગ્યો.
14. એક સ્મશાન જેવું ઘર રાતદિ ધમધમતું થઈ ગયું.
15. પુરુષોની માફક સ્ત્રી પણ કેળવણી લઈ શકે છે.
16. પોતે જ રચેલી માયામાં બદ્ધ થતાં આત્મતત્ત્વ પેઠે મારા ઘડ્યા ટાઈમટેબલમાં હું બંધાઉં છું.
17. કાચ, ઘડિયાળને સત્યની પેઠે ટાઈમટેબલમાં એવી નાજુક વસ્તુ છે કે તે જરા વારમાં વિકૃત બનીને ચૂંથાઈ જાય છે.
18. કટોરી જેવા રાતાં ફૂલો આવાનારા ઉનાળાની આગાડી કરતાં હસ્યા કરે છે.
19. જેનામાં વૃક્ષ પ્રીતિ નથી એનામાં જાણે કે જીવનપ્રીતિ જ નથી.
20. એ વૃક્ષની ડાળીઓ માત્ર જાળીઓ જેવી હતી.
21. મહુડા ઓછાબોલા પણ કામના માણસ જેવા છે.
22. ધીમે ધીમે તે ડગ ધરતો - કોઈ મત ગજેન્દ્રની માફક.
23. બળતા આવેલા સમી આંખો તેણે સ્થિર કરી.
24. આગળ આવેલા વિશાળ છાતીના સંગેમરરના ચોરસા જેવા સ્પષ્ટ, સ્નાયુવાળા વિભાગો વક્ષસ્ત્રાણની ગરજ સારી...દેખાતું હતું.
25. તેના લાંબા કાળા વાળ સુરસરિતાના જલસમા, તેના શંકરશા વિશાળ ખભા પર પથરાઈ રહ્યા હતા.
26. ડખ ભરવા પાછળ ખેંચેલી ફણીધરની ફણાની માફક તેની ભરેલી લાંબી ડોક લાગતી હતી.
27. ઘાટીલી પાની પર રચેલા, ધરણી ધ્રુજાવતા બે પગો સ્તંભની માફક કમરના મથાળા પર ઉપલારીરને ધારી રહ્યા હતા.
28. વિશાળ ભાલની સ્ફટિક શી નિર્મળતા હોઠોએ હાસ્ય કરી છોડેલી શર સમી સ્નેહરી મોહકતા... આટલું જ તેણે જોયું.
29. ધરતી ઉપર કોઈક વરદાનની જેમ ચાંદની ઊતરી રહી છે.
30. દેવનદી, ઘાયલ વાઘણ જેવી, શોર અને ગર્જન સાથે રુદ્રકુંડમાં ખાબકે છે.
31. ક્યારેક ચાંદી શી ઝળાંહળાં થતી નદીને જોતો.
32. તારો બાપ પોક મૂકીને રુએ છે, મને એ વચન અપમાન જેવું લાગ્યું.
33. મહુડા માયા ઉતારતા યોગી જેવા લાગે છે.
34. ક્યારેક ચાંદનીની શી જળાહળાં થતી ચાંદનીને જોતો.
35. ધરતી ઉપર કોઈક વરદાનની જેમ ચાંદની ઉતરી રહી છે.
36. કમળ જેવો ખીલતો દિવસ, પોયણા જેવી રાત.
37. જેવો ખાખર ફૂલ્યો ફાગણનો તેવી દીસે દેહ.
38. સત્યનો, અહિંસાનો માર્ગ ખાંડાની ધારે ચાલવા જેવો છે.
39. ફૂલ સમા અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં બાપુ !
40. સર્પણી સરખી આવી પેઠી અભિમન્યુને અંગ.
41. દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.
42. બળતા અંગાર સમી તેની આંખો સ્થિર થઈ.
43. ક્યારેક ચાંદી શી ઝળહળાં થતી નદીને જોતો.

# 2. રૂપક

➤ ઉપમેય અને ઉપમાનને એકરૂપ બતાવવામાં આવ્યા હોય એટલે કે બન્નેની વચ્ચે સાધારણ ધર્મ જેવું હોતું નથી. ત્યારે રૂપક અલંકાર બને છે.

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ **ઉદાહરણ :**

1. બપોર એ મોટું શિકારી કુતરું છે.
2. દમયંતીનું મુખ તો ચંદ્ર છે.
3. અને આ ચરણ તમારાં પારીજાતનાં ફૂલ પગલી પાડો.
4. એમની આંખોમાં લાગણીની ભીનાશ હતી.
5. આ સંસારસાગર તરવો સહેલો નથી.
6. પંડની પેટીમાં પાસર છે પડયો.
7. ભુતળ ભક્તી પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે.
8. સૂણ ચક્ષુ ! હું પાંગળું, તું મારું વાહન
9. જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે,
10. હરખને શોકની ના’વે જેને હેડકી. - રૂપક
11. વદન સુધારકને રહુ નિહાલી - રૂપક
12. મુંજે ફરીથી ઊંચે જોયું, એક હાસ્યબાણ છોડ્યું.
13. ક્યારેક ચાંદનીની ચાદર ઓઢીને સૂતેલા ડુંગરાઓને જોતો.
14. ફૂલની પાંદડીઓ પર બેઠાં બેઠાં પાંખોના પંખાને ફેલાવી-સંકોરી રહ્યા છે.
15. છકડો પાણીપંથો ઘોડો થઈ ગયો.
16. આ ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી.
17. મીરાં કે ‘પ્રભુ શ્વાસ અમારો કેવળ એક ટપાલી’
18. મનમાં હબુક લ્હેરવા લાગે વ્યોમની કિરણ-ઝૂલ
19. બાના મોં ઉપર શોકનાં વાદળ છવાયેલાં હતાં.
20. બપોર એક મોટુ શિકારી કૂતરું છે.
21. વેદનાનો કાળમીંઢ પથ્થર એની છાતી પરથી ખસી ગયો.
22. રૌપ્ય ઘંટા અહો વાગી, ઊઘડ્યું મુખ આખરે.
23. ફૂલડાં કોરી ગૂંથી લાવ જગ માલણી રે બહેન !
24. વેશ ટેક છે આડી ગલી, પેઠો તે નવ શકે નીકળ્યો.
25. ઊંઘતાને પાયે જગની જેલ.
26. સુણ ચક્ષુ હું પાંગળું, તું મારું વાહન !
27. ફૂલનો પછેડો ઓઢું પ્રેમઘાટડીરે.
28. મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે.
29. વદન સુધાકરને રહુંનિહાળી.
30. પંડની પેટીમાં પારસ છે પડ્યો.
31. બપોર એક મોટું શીકારી કુતરું છે.
32. વદન સુધારને રહું નિહાળી.

# 3. ઉત્પ્રેક્ષા

- ➢ ઉપમેય જાણે ઉપમાન હોય તેવો તર્ક-સંભાવના કરવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.
- ➢ સંભાવના સૂચક શબ્દો : જાણે, રખે, શકે, શું વગેરે.

→ **ઉદાહરણ :**

1. દમયંતીનું મુખ જાણે પૂનમનો ચંદ્ર !

૨. થાય છે મારી નજર જાણે હરણ, ને રહે છે ઠેક્તી એ ઘાસમાં.

3. હૈયું જાણે હિમાલય.

4. કાયાના સરોવર જાણે હેલે ચઢ્યા.

૫. જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ.

6. જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય જાણે પરીઓ.

7. ગિલાને જાણે કેમેરાવાળાની ખબરહોય એમ એ મેરા સામું હસી રહ્યા હોય એમ લાગતું હતું.

8. સૂર્યમુખીનાં ખતરો વઢાઈ જાય પછી જાણે સૂરજ વધારે કરડાકીડાવાળો બને છે.

9. સવારે પાકેલાં ખેતરો પર કાન માંડીએ તો રણકતાં સંભળાય - જાણે સોનેરી ઘંટડીઓ રણકતી ના હોય !

10. અનિલ તો આગળ ભાગી રહ્યો છે, કેમ જાણે પાછલી યાત્રામાં ન આવી શકવાની પોતાની મજબૂરી ભરપાઈ કરી રહ્યો ન હોય

11. મધ્યપ્રદેશથી ગુજરાતમાં હું આવ્યો છું, જાણે એક માની ગોદમાંથી બીજી માની ગોદમાં આવી ગયો છું.

12. જલાલુદ્દીન ખદા વિશે એવી રીતે વાત કરતા જાણે કે તેઓ એના ભાગીદાર હોય.

13. કીર્તિદેવની આંખોમાંથી જાણે તેજના તણખા નીકળવા માંડ્યા.

14. જેનામાં વૃક્ષપ્રીતિ નથી એનામાં જાણે કે જીવનપ્રીતિ નથી.

15. પ્રિયજનની ડગલીઓ જાણે વનફૂલની ઢગલીઓ

16. લેખકની કલ્પના જાણે મરતી-મરતી પાછી આવી.

17. અકળાઈ પડયો અવનિ વિષે, જાણે ભાંગ્યો ચંપાનો છોડ.

18. હાથી જાણે રમતો હોય તેમ સૂંઢ હલાવતો રહ્યો.
19. પ્રમોદરાય ભીંત સોંસરવું જાણે જોઈ રહ્યા.
20. જાણે કોઈ ગુનો કર્યો હોય તેમ વિશાખાનું મોં પડી ગયું.
21. ગોળગોળ ફરતી, ઉપર ચડતી ને નીચે ઉતરતી સમડીઓ
22. એટલે જાણે પ્રશાંત સાગરનાં યાત્રી વહાણો.
23. જાણે વિજય થયોહોય તેમ પાડો આનંદમાં રણક્યો.
24. જીવન વાડી કરમાઈ ગઈ.
25. અકળાઈ પડ્યો અવની વિષે જાણે ભાંગ્યો ચંપાનો છોડ.
26. જેનામાં વૃક્ષપ્રીતિ નથી એનામાં જાણે કે જીવનપ્રીતિ જ નથી !
27. જાણે કોઈ ગાંડો દોડે તેમ જુમો એક શ્વાસે દોડ્યો.
28. અકળાઈ પડ્યો અવનિ વિષે, જાણે ભાંગ્યો ચંપાનો છોડ.
29. લેખકની કલ્પના જાણે મરતી મરતી પાછી આવી.
30. હાથી જાણે રમતો હોય તેમ સૂ/ઢ હલાવી રહ્યો.
31. શકે શશીબિંબ પૂંઠે નારી એવો શોભે મોતીહાર.

# 4. અનન્વય

➢ (અન્+અન્વય) ઉપમેયની સરખામણી કરવા યોગ્ય ઉપમાન ન મળતાં ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ રવામાં આવે ત્યારે અનન્વય અલંકાર બને છે.

→ **ઉદાહરણ :**

1. મા તે મા
2. દમયંતીનું મુખ તે દમયંતીનું મુખ
3. ગાંધીજી એટલે ગાંધીજી
4. અમેરિકા એટલે અમેરિકા
5. ભગવાન એટલે ભગવાન
6. બાપ એટલે બાપ
7. રમત એટલે રમત
8. સત્ય એટલે સત્ય
9. મા તે મા બીજા બધા વગડાના વા.
10. ગુજરાત એટલે ગુજરાત
11. આકાશ આકાશ જેવું અને સાગર સાગર જેવો છે.

# 5. વ્યતિરેક

➢ ઉપમેયને ઉપમાન કરતાં ચઢિયાતું ગણવામાં આવે છે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.

→ **ઉદાહરણ :**

1. સુદામા વેભવ આગળ કુબેર તે કોણ માત્ર.
૨. દમયંતીના મુખ પાસે તો ચંદ્ર પણ નિસ્તેજ લાગે છે.
3. હલકા તો પારેવાની પાંખથી, મ્હાદેવથીય મોટાજી.
4. ગંગાના નીર તો વધે ઘટે રે લોલ. સરખો એ પ્રેમનો પ્રવાહ રે.
5. એની વાણી તો અમૃતથીયે મીઠી છે.
6. હલકાં તો પારેવાંની પાંખથી, મહાદેવથીયે પણ મોટાજ.
7. કાળુએ તો રાજુની ગાચોય ગોળથી મીઠી લાગતી હતી.
8. સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર.
9. એનું શરીર તો ફૂલથીયે હલકું છે.
10. એની વાણી તો અમૃતથીયે મીઠી છે !
11. હલકાં તો પાંરેવાની પાંખથી, મહાદેવથીયે મોટાંજી.

# 6. શ્લેષ

➢ એકજ શબ્દના બે અથવા વધારે અર્થ થાય ત્યારે શ્લેષ અલંકાર બને છે.

→ **ઉદાહરણ :**

1. રવીને પોતાનો તડકો ન ગમે તો ક્યાં જાય ? ('રવિ'ના બે અર્થ)
૨. તમે પસંદ કરેલું પાત્ર પાણી વિનાનું છે. (પાત્ર - વ્યક્તિ, વાસણ ; પાણી - જળ, તાકાત)
4. જવાની તો આખરે જવાની.
5. દીવા નથી દરબારમાં છે અંધારું ઘોર.

# 7. વ્યાજસ્તુતિ

➢ નિંદા દ્વારા વખાણ અને વખાણ દ્વારા નિંદાના રૂપમાં હોય ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર બને છે.

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ **ઉદાહરણ :**

1. શું તમારી બહાદુરી ! ઉંદર જોઈને નાઠા. (વખાણ દ્વારા નિંદા)
૨. તમે ખરા પહેલવાન હ ઊગતો બાવળ કૂદી ગયા.
3. સમીરને છેલ્લી પાટલી પર બેસવાનો શોખ છે.
4. છગન માયકાંગલો નથી, પાપડતોડ પહેલવાન છે.
૫. આ હોશિયાર વિદ્યાર્થી બીજા નંબરના સ્થાનનો કટ્ટો વેરી છે. (નિંદા વખાણ)
6. સતી ખેદ હતી જોતી વદને વધતો જતો !

# 8. સજીવારોપણ

➢ નિર્જીવમાં સજીવનું આરોપણ કરવામાંઆવે છે. માનવસ્વભાવનું આરોપણ નિર્જીવ પદાર્થોમાં થાય ત્યારે સજીવરોપણ અલંકાર બને છે.

→ **ઉદાહરણ :**

1. રામને, સીતાજી માટે વિલાપ કરતા જોઇને પથ્થરો પણ રડી ઊઠ્યા.
2. ફૂલ હસતાં હતાં.
3. દુરના ડુંગરો સાદ કરીને બોલતા હતા.
4. રાતોરાત વનપટ પડખું બદલી લે છે.
5. તગડીનાં પાદર વીંધીને સડક દોડતી હોય.
6. સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના.
7. ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી.
8. દોડ્યો વ્હેળો વહનગીતમાં પ્રશ્ન મારો ડુબાવી.
9. ને આ બુઢ્ઢો વડ પણ નકારે જ માથું હલાવી.
10. હાંફી ગયેલા શ્વાસના પગને તપાસીએ.
11. ખૂંદી ખમે માતા પ્રથમી, વાઢી અમે વનરાઈ.
12. તગડીનાં પાધર વીંધીને સડક દોડતી હોય.
13. સડક પણ પડખું ફરીને સૂઈ ગઈ હોય.
14. રાતોરાત વનપટ પડખું બદલી લે છે.
15. સંપન્ન તો એટલો બધો ક્યાંક પોતાની જ ચાંદનીના ભારથી તૂટી ન પડે.
16. ડુંગરાઓ પર હરિયાળી છે, એમણે નવો વેશ સજી લીધો છે.
17. મને લાગ્યું કે ચાંદો બહુ ધીમે ધીમે ચાલી રહ્યો છે.
18. શોધતો હતો ફૂલ ને ફોરમ શોધતી હતી મને.
19. વૃક્ષો ઋતુની રાહ જોતાં રહે છે.
20. શોધતો હતો ફૂલ ને ફોરમ શોધતી હતી મને.
21. રામને સીતાજી માટે વિલાપ કરતા જોઈને પથ્થરો પણ રડી ઊઠ્યા.
22. જવાની તો જવાની.
23. કાળા કરમનો કાળો મોહન , કાળું એનું નામ.
24. શું તમારી બહાદૂરી ! ઉંદર જોઈને નાઠા.

TET-I (12 Pass + P.T.C.)
ફી Rs. 9500/-
બેચ ટાઈમ : સવારે 9 થી 12 • બપોરે 12 થી 2 • સાંજે 7 થી 9
પાસ થવાની 100% ગેરંટી
10 જુલાઈ 2015 થી વર્ગો શરૂ
માર્ગદર્શક : શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., LL.B., D. Pharm)
ગઢવી કરન્ટ અફેયર્સ એકેડેમી
: GCDA - નરોડા, અમદાવાદ :
F-1, સત્વ શારદા, ઉમા હોસ્પિટલ પાસે, નિકોલ રોડ, આદીશ્વરનગર, નરોડા, અમદાવાદ.
M. : 96013 38205
: GCDA - નડીયાદ :
બી-9, પહેલો માળ, વર્ગો કૉમ્પલેક્ષ, નડીયાદ.
M. : 96013 38206

# 7 છંદ

– શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B.)

## ➤ છંદ અને તેના પ્રકારો

→ સંસ્કૃતમાં છંદોને વૃત્ત અને જંદિ એવા બે પ્રકારોમાં વહેંચવામાં આવે છે. ગુજરાતીમાં વૃત્તને અક્ષરમેળ છંદ અને જંદિ માત્રામેળ છંદ તરીકે ઓળખાય છે.

→ સાહિત્યનું આકર્ષક રસકેન્દ્ર તે કવિતા. કવિતામાં પંક્તિ ચોક્કસ માપની હોય છે. પદ્યની રચના ચોક્કસ માપ કે છંદમાં હોય છે. જેને પોતાનું નિશ્ચિત સ્વરૂપ હોય છે. છંદથી માધુર્ય પેદા થાય છે. ટૂંકમાં,

**"માધુર્ય સર્જવા માટે દરેક લીટીમાં અક્ષરોની ચોક્કસ પ્રકારની ગોઠવણી એટલે છંદ."**

→ છંદોનું બંધારણ સમજવા માટે લઘુ ગુરુ, ગણ, માત્રા, યતિ વગેરે સમજવા જરૂરી છે.

→ છંદના મુખ્ય બે પ્રકાર છે : **(1) અક્ષરમેળ છંદ (2) માત્રામેળ છંદ**

**(1) અક્ષરમેળ છંદ** : અક્ષરમેળ છંદમાં કાવ્યની પંક્તિઓના અક્ષરોની ગણતરી કરવી પડે છે. તેમાં લઘુ-ગુરુ અક્ષરોની ચોક્કસ સંખ્યા નક્કી કરી ગણરચના કરવામાં આવે છે.

→ **લઘુ અક્ષર** : છંદના શાસ્ત્રમાં હ્રસ્વને લઘુ કહે છે, અ, ઇ, ઉ અને ઋ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે લઘુ (હ્રસ્વ) કહેવાય. દા.ત. ક, રિ, યુ, સૃ, પ્ર વગેરે 'લઘુ'ની ⌣ નિશાની છે.

→ **ગુરુ અક્ષર** : છંદના શાસ્ત્રમાં દીર્ઘને ગુરુ કહે છે. આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે વ્યંજનોને ગુરુ કહેવાય. દા.ત. જા, વે, ની, દે, લો, લૂ 'ગુરુ'ની નિશાની **-** છે.

→ **યતિ** : છંદની પંક્તિમાં ક્યારેક અટકીને કે લંબાવીને પાઠ કરવાના સ્થાન આવે છે. આવા સ્થાનને યતિ કહેવામાં આવે છે.

**ઉદાહરણ :** ઊંચા ઊંચા/શિવ શિખરના/શોભતા શા પ્રદેશો.

→ **યતિભંગ** : છંદના બંધારણમાં જ્યાં યતિ આવતો હોય ત્યાં શબ્દ પૂરો થવો જોઈએ. કોઈકવાર કોઈક પંક્તિઓમાં યતિને કારણે શબ્દને તોડીને ઉચ્ચારવો પડે છે. આમ થાય ત્યારે યતિભંગ થયો છે એમ કહેવાય.

**ઉદાહરણ :** ને બીડેલા/કમલ મહીં/બંધાઈ સૌન્દર્યઘેલો.

ઉપરોક્ત પંક્તિમાં 'બ' પાસે યતિસ્થાન હોવાથી શબ્દને તોડીને 'બ' પાસે સહેજ અટકીને તેને ઉચ્ચારવો પડે છે.

→ **તાલ** : છંદમાં અમુક અમુક અંતરે ભાર મુકાય છે તેને તાલ કહે છે.

→ **ચરણ** : છંદની પૂરેપૂરા માપવાળી એક લીટીને ચરણ કે પદ કહે છે. ચરણ સામાન્ય રીતે એક અલગ પંક્તિરૂપે લખાય છે.

**ઉદાહરણ :**

દીપકના બે દીકરા, કાજળને અજવાશ (પંક્તિ-1)
ચરણ - 1 ચરણ - 2
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ. (પંક્તિ-2)
ચરણ - 3 ચરણ - 4

→ **કડી કે શ્લોક** : ચાર ચરણ કે પાદની એક કડી કે શ્લોક બને છે. આ નિયમ ન જળવાય તો શ્લોકભંગ થયો ગણાય છે.

→ **શ્રુતિભંગ** : એક ગુરુ અક્ષરને સ્થાને બે લઘુ અક્ષર આવે તેને શ્રુતિભંગ કહે છે.

## ➤ લઘુ અક્ષરો ક્યારે ગુરુ બને ?

**1. અનુસ્વાર અથવા અનુનાસિક**

→ કોઈપણ અક્ષર ઉપર અનુસ્વાર તીવ્ર હોય ત્યારે તે અક્ષર ગુરુ ગણાય.

**ઉદાહરણ :** પંકજ, ગંગા, દંડ, સંમતિ, વગેરેમાં પં, ગં, દં, સં ગુરુ અક્ષરો છે.

→ કેટલીકવાર અનુસ્વારનો ઉચ્ચાર મૃદુ હોય ત્યારે અનુસ્વાર યુક્ત અક્ષર લઘુ ગણાય.

**ઉદાહરણ :** કહું, જઉં, મળ્યું, બોલતું, સુંવાળું, કુંવારું વગેરેમાં આવેલ અનુસ્વાર હળવો હોવાથી એ લઘુ અક્ષરો છે.

**2. સંયુક્ત અક્ષર**

→ બે વ્યંજનો જોડાઈને સંયુક્ત વ્યંજન બને છે.

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સંયુક્ત વ્યંજનમાં સ્વર મળતાં સંયુક્ત અક્ષર થાય છે.

**ઉદાહરણ :** ક્ષ + અ = ક્ષ

→ લઘુ અક્ષર પછી સંયુક્ત અક્ષર આવે તો લઘુ અક્ષર ગુરુ ગણાય તેથી તેની બે માત્રા હોય છે.

**ઉદાહરણ :** 'નિષ્ફળ' માં પહેલો અક્ષર 'નિ' લઘુ છે. પણ તેની પછી આવેલા સંયુક્ત અક્ષરના થડકાને લીધે તે ગુરુ છે. દુષ્ટ, શિષ્ટ, દૃષ્ટિ - ગુરુ અક્ષર.

→ જ્યારે સંયુક્ત અક્ષરોનો ઉચ્ચાર મૃદુ હોય ત્યારે પૂર્વે આવેલો લઘુ અક્ષર લઘુ અને એક માત્રાવાળો જ રહે છે.

→ **ઉદાહરણ :** ગળ્યું, ઠર્યું, પડ્યો, મળ્યાં - લઘુ અક્ષરો બને.

→ **વિસર્ગ :** વિસર્ગવાળો અક્ષર લઘુ હોય, પણ વિસર્ગનો ઉચ્ચાર કરવો પડે તો તે ગુરુ થાય. દા.ત. અંતઃકરણમાં 'ત' ગુરુ ગણાય.

→ **ગણરચના :** લઘુ-ગુરુ અક્ષરના બનેલા જૂથને ગણ કહે છે. આવા આઠ ગણ છે. આ યાદ રાખવા નીચેની પંક્તિ તૈયાર કરવામાં આવે છે.

**સૂત્ર : ય મા તા રા જ ભા ન સ લ ગા**

| ક્રમ | ગણ | લઘુગુરુ બંધારણ | ઉદાહરણ | ચિહ્ન | અક્ષર (લઘુ - ગુરુ) |
|---|---|---|---|---|---|
| 1. | ય-ગણ | યમાતા | જશોદા | ⏑ - - | લઘુ-ગુરુ-ગુરુ |
| 2. | મ-ગણ | માતારા | આકાંક્ષા | - - - | ગુરુ-ગુરુ-ગુરુ |
| 3. | ત-ગણ | તારાજ | આકાશ | - - ⏑ | ગુરુ-ગુરુ-લઘુ |
| 4. | ર-ગણ | રાજભા | માનવી | - ⏑ - | ગુરુ-લઘુ-ગુરુ |
| 5. | જ-ગણ | જભાન | સદૈવ | ⏑ - ⏑ | લઘુ-ગુરુ-લઘુ |
| 6. | ભ-ગણ | ભાનસ | વૈભવ | - ⏑ ⏑ | ગુરુ-લઘુ-લઘુ |
| 7. | ન-ગણ | નસલ | મિનિટ | ⏑ ⏑ ⏑ | લઘુ-લઘુ-લઘુ |
| 8. | સ-ગણ | સલગા | વલભો | ⏑ ⏑ - | લઘુ-લઘુ-ગુરુ |
| 9. | લ | લઘુ | - | ⏑ | લઘુ |
| 10. | ગા | ગુરુ | - | - - | ગુરુ |

2. **માત્રામેળ છંદ :** માત્રામેળ છંદમાં અક્ષરો નહિ, પણ માત્રા જ જોવાય. લઘુ ⏑ ની જોડ (1) અને ગુરુ ની બે (2) માત્રા ગણાય છે.

➤ **છંદના પ્રકાર**

→ **અક્ષરમેળ છંદ :** 1. શિખરિણી 2. પૃથ્વી 3. મંદાક્રાન્તા 4. શાર્દૂલ વિક્રીડિત 5. મનહર 6. અનુષ્ટુપ 7. સ્ત્રગ્ધરા

→ **માત્રામેળ છંદ :** 1. દોહરો 2. ચોપાઈ 3. સવૈયા 4. હરિગીત

## ➤ અક્ષરમેળ છંદ

# શિખરિણી છંદ

→ **છંદનું નામ :** શિખરિણી છંદ

→ **અક્ષર :** 17

→ **બંધારણ :** યમનસભલગા

→ **યતિ :** 6 અને 12 અક્ષરે

→ **ઉદાહરણ :**

| ય | મ | ન | સ | ભ | લગા |
|---|---|---|---|---|---|
| અસત્યો | માંહેથી | પ્રભુપ | રમસ | ત્યેતુંલ | ઈજા |
| ⏑ - - | - - - | ⏑ ⏑ ⏑ | ⏑ ⏑ - | - ⏑ ⏑ | ⏑ - |

1. પ્રભો અંતર્યામી જીવન જીવના દીન શરણા.
2. અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.
3. ભમ્યો તીર્થે તીર્થે ઘરી ઉર મનીષા દરશની
4. પુરી, કાશી, કાંચી, અવધ, મથુરાને અવર સૌ.
5. મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો,
6. ધસે ધારો ઊંચી, તુહિન તહીં ટોચે તગતગે
7. પરોઢે આવેલા સપન સમ આવ્યા પિયુ તમે.
8. વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
9. ઉછંગ પિવાડી અનગળ રહી અમૃતઝરા!
10. મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.
11. કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો !
12. હજી તારી કાયા મુજ નયન સામે ઝળહળ.
13. વહી ચાલી સંધ્યા ગગન મહીં ના કો ધન દીસે.
14. બપોરી વેળાનું હરિતવરણું ખેતરે ચડ્યું.
15. મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.
16. ઠરી મારી આંખો, કબીરવડ તુંને નીરખીને.
17. ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા.

# પૃથ્વી છંદ

→ **છંદનું નામ :** પૃથ્વી છંદ

→ **અક્ષર :** 17

→ **બંધારણ :** જસજસયલગા

→ **યતિ :** 8 અને 9 અક્ષરે

→ **ઉદાહરણ :-**

| જ | સ | જ | સ | ય | લગા |
|---|---|---|---|---|---|
| ભમોભ | રતખં | ડમાંસ | કળભો | મખૂંદી | વળી |
| ∪ - ∪ | ∪ ∪ - | ∪ - ∪ | ∪ ∪ - | ∪ - - | ∪ - |

1. ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળી.
2. મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી.
3. છતાંય દિલતો ચાહે તન યુવાનની તાજગી
4. નહીં સ્વજન તે બધાં, સ્વજન એકલી તું હતી.
5. અખૂટ રસ પૌરુષે સભર આત્મ હું તો ચહું.
6. ખુમારી નયનો તણી, ગરવ ઉચ્ચતા ડોકની.
7. અને હૃદય ના નમે પુનિત શ્વેત - વાર્ધક્યને.
8. ધરે, અનુભવે વિશાળ, નયનો સમાધાનનાં.

# મંદાક્રાન્તા છંદ

→ **છંદનું નામ :** મંદાક્રાન્તા છંદ

→ **અક્ષર :** 17

→ **બંધારણ :** મભનતતગાગા

→ **યતિ :** 4,10 અક્ષરે

→ **ઉદાહરણ :**

| મ | ભ | ન | ત | ત | ગાગા |
|---|---|---|---|---|---|
| હા પસ્તા | વોવિપુ | લઝર | ણું સ્વર્ગ | થી ઊત | ર્યું છે |
| - - - | - ∪ ∪ | ∪ ∪ ∪ | - - ∪ | - - ∪ | - - |

1. રે પંખીડા સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો.
2. હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
3. બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી.
4. ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી.
5. શોકાવેશે હૃદય ભરતી કંપની ભીતિઓથી.
6. દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં.
7. છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી.
8. ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણીક !!
9. ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા !
10. રે રે! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે ;
11. લાગ્યા ઘાને વિસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.
12. તારા લાગે બધિર, વીજળી પૂછવા દે જ છે ક્યાં ?
13. ત્યાં પૃથ્વીનાં સ્વજન તણું તો નામ લેવું પછી કાં ?
14. માડી મીઠી, સ્મિતમધુર ને ભવ્યમૂર્તિ પિતાજી,
15. દાદી વાંકી, રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી.
16. રે પંખીડા ! સુખથી ચણજો ગીત વા કાંઈ ગાજો.
17. કે કૌમારે પણ મુજ સરે બાળવેશે સહેજે !
18. શોકાવેશે હૃદય ભરતી કંપતી ભીતિઓથી.
19. ના શિક્ષાનાં કથન કથવાં યુક્ત તારા સમીપે.
20. ઊભી બાળા વિવશ બનીને બારીએ બાવરી શી.
21. એતો વ્હાલી ! અધમ ઉરનો સ્વાર્થ કે સ્નેહવર્ગ.વારે વારે સ્વર સમજવા દૂર કૈં કાન દેતી,
22. વારેવારે સ્વર સમજવા દૂર કૈં કાન દેતી.

# શાર્દૂલવિક્રીડિત

→ **છંદનું નામ :** શાર્દૂલવિક્રીડિત

→ **અક્ષર :** 19

→ **બંધારણ :** મસજસતતગા

→ **યતિ :** 12, 7 અક્ષરે

→ **ઉદાહરણ :**

| મ | સ | જ | સ |
|---|---|---|---|
| ઊગે છે | સુરખી | ભરીર | વિમૃદુ |
| - - - | ∪ ∪ - | ∪ - ∪ | ∪ ∪ - |

| ત | ત | ગા |
|---|---|---|
| હેમન્ત | નો પૂર્વ | માં |
| - - ∪ | - - ∪ | - |

1. ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ, હેમન્તનો પૂર્વમાં
2. ઊગે છે નભસૂર્ય ગાઢ જગના અંધારને ભેદવા
3. ન તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો.
4. ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઇચ્છવું.
5. આંસુના પડદા વતી નયન તો મારા થયાં આંધળા! લૂછ્યાંના પણ ઉષ્ણ શ્વાસ દિલને અશ્રુ સુકાવી દીધા.
6. વ્હાલી જાય રઘુપતિ વનવિશે, સીતા જતાં સંગમાં.
7. તેના સેવનકાજ સંગ વસવા મારે જવું સર્વથા.
8. ને સંગે વસવા તણો હઠ કરી ના કષ્ટ આપું હુ

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

# મનહર છંદ

→ **છંદનું નામ :** મનહર છંદ
→ **અક્ષર :** 31 (16 + 15)
→ **બંધારણ :** ચરણને છેડે ગુરુ (બે પંક્તિ હોય)
→ **યતિ :** 8, 16, 24 અક્ષરે
→ **ઉદાહરણ :**

1. ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળાં ભૂંડાં.
ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે.
2. પોલું તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી ?
સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.
3. કહે દલપતરામ રાજ અધિરાજ સુણો, રૂડી
ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.
4. પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી
(16 અક્ષર)
સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે. (15 અક્ષર)
5. નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી
વાંકો એનો અંબોડોને વાંકા એનાં વાણ છે.

# અનુષ્ટુપ છંદ

→ **છંદનું નામ :** અનુષ્ટુપ છંદ
→ **અક્ષર :** 16 + 16
→ **બંધારણ :** 16, 16ના બે ચરણ અથવા 8, 8ના 4 ચરણ
→ **યતિ :**

1. દરેક ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ
2. પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ
3. બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર ગુરુ

→ **ઉદાહરણ :**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|
| છા | યા | તો | વ | ડ | લા | જે | વી, |
| | | | ⌣ - - | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| ભા | વ | તો | ન | દ | ના | સ | મ |
| | | | ⌣ - ⌣ | | | | |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|
| દે | વો | ના | ધા | મ | ના | જે | વું, |
| | | | ⌣ - - | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| હૈ | યું | જા | ણે | હિ | મા | લ | ય |
| | | | ⌣ - ⌣ | | | | |

→ આઠ - આઠ અક્ષરના ચાર ચરણ
→ પહેલી અને ત્રીજી પંક્તિમાં 5, 6, 7 મો અક્ષર
લ ગા ગા
→ બીજી અને ચોથી પંક્તિમાં 5, 6, 7 મો અક્ષર
લ ગા લ

1. છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ
દેવોના ધામના જેવું, હૈડું જાણે હિમાલય.
2. સ્નેહગર્વ નથી જેને સ્નેહશોક ન એ ધરે.
તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ એ ઉરે.
3. વસે શું વિશ્વમાં આવી સત્યધર્મ પ્રસારતી
અમોલ માનવી સત્તા સર્વલોક પ્રતારતી
4. શાને આવ્યો હશે તેની કલ્પાનાઓ ચલાવતા
ભય સંદેહ દર્શાવી શિર કોઈ હલાવતા.
5. જાણે બધું, તથાપિ કૈ કહેવાની રજા નહીં,
શમાવી ન શકે તેથી મુંઝાય મનની મહીં.
6. કનિષ્ઠ દ્રૌપદી સાથ પોતાના વાસમાં હતો
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો !
7. ઇન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતાં
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.
8. જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે,
ઘસીને જાતને સંતો અન્યને સુખિયાં કરે.
9. બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું
સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલંતનું.
10. સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ,
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ.
11. “હાધિક્ ! હાધિક્ કૃતઘ્ની હું આમ મૌન ધરી
રહું આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું !”
12. રહી જગ ફરી પાછો છૂટો થાય શરીરથી,
પ્રિયે ! સ્પર્શ કરું શું હું ? અધિકાર જરા નથી !
13. પતિએ પીઠ દીધી ને દયિતા દેખતી રહી.
14. સ્નેહીના ચિત્તને શોભે એવી તે શાંતિ સાચવી.
સ્વાર્થને પોષવા તારે અંતરે વાસના નથી;
15. અથવા આવવા સંગે હઠ બૂરો બતાવશે,

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

સીતાનો દાખલો લેવા તું અવશ્ય ઊભી થશે.

16. ઢળતી સહસા ઊભી સંકષ્ટે ગ્રહી દ્વારને !
ચિરાયું ચિત્ત ઓચિંતું, વજ પાત થયો શિરે;

17. કાષ્ઠની પૂતળી જેવી ઊભી સ્તબ્ધ બની રહી,
વૃત્તિઓ સર્વ વ્હાલાની વિલોકી મુખ વાંચતી.

18. સોટી ને શિક્ષકો કેરા, શાળા માંહે સમાગમે.

19. ધન્ય ધન્ય તને દેવિ ! અનેરી ઊર્મિલે !
ધર્મ સંકષ્ટે સ્નેહીનું તું શકી સમજી ખરે !

# સ્ત્રગ્ધરા છંદ

→ **છંદનું નામ :** સ્ત્રગ્ધરા છંદ
→ **અક્ષર :** 21
→ **બંધારણ :** મ ર ભ ન ય ય ય
→ **યતિ :** 7, 14 અક્ષરે
→ **ઉદાહરણ :**

| મ | ર | ભ | ન |
|---|---|---|---|
| ધી મે ધી | મે છ ટા | થી કુ સુ | મ ર જ |
| - - - | - ⌣ - | - ⌣ ⌣ | ⌣ ⌣ ⌣ |
| ય | ય | ય | |
| લ ઈ ડો | લ તો વા | યુ વાય | |
| ⌣ - - | ⌣ - - | ⌣ - - | |

1. ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.
2. ઊઠી વ્હેલા પ્રભાતે ઝટ ઘર વખરી ગોઠવે વાળી ઝાડી.
3. ખાટી છાશે ભીંજાવી ગગરી કળશિયા માંજી સોને મઢી દે.
4. દેવોને માનવોનાં મધુમિલન તણા સ્થાન સંકેત જેવો,
દૈવી વૈમાનિકોના વિરતિ ભવન શો સિદ્ધ શૈલેશ ઊભો.
5. રે આ સાફલ્યટાણું યુગયુગ પલટે તોય પાછું ન આવે.

# માત્રામેળ છંદ
# દોહરો છંદ

→ **છંદનું નામ :** દોહરો છંદ
→ **અક્ષર :** 4
→ **બંધારણ :** 1 અને 3 ચરણમાં = 13 માત્રા
2 અને 4 ચરણમાં = 11 માત્રા
→ **યતિ :** 13મી માત્રા પછી
→ **ઉદાહરણ :**

| |
|---|
| 2 1 1 2 2 2 12<br>દી પ ક ના બે દી ક રા, |
| ચરણ - 1<br>**(માત્રા - 13)**<br>2 1 1 2 1 1 2 1<br>કા જ ળ ને અ જ વા શ |
| ચરણ - 2<br>**(માત્રા - 11)**<br>(કવિ છૂટ) એ ક ક પૂ ત કા ળુ ક રે, |
| ચરણ - 3<br>**(માત્રા - 13)**<br>બી જો દિ યે પ્ર કા શ |
| ચરણ - 4<br>**(માત્રા - 11)** |

1. ઓ ઈશ્વર ભજિયે તને, મોટું છે તુ જ નામ
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ
2. હસે ગગનના તારલા, હસે બાગના ફૂલ,
હરિગત હૈયાંઓ હસો, હસો ન ધૂસરે ધૂળ.
3. દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.
4. શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક
જેમાં સુખદુ:ખ વામીએ, સો લાખનમાં એક.
5. બીજાને પહોંચે નહિ, તે રમીને ભરથીર
6. અતિ ભલો નહીં બોલવું, અતિ ભલી નહીં ચૂર ;
અતિ ભલો નહીં વરસવું, અતિ ભલી નહીં ધૂપ.
7. ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય
ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પથ કપાય.

8. શેરી મિત્ર સો મળે, તાળી મિત્ર અનેક,
જેમાં સુખદુઃખ પામીએ, સો લાખોમાં એક.
9. દળ ફરે, વાદળ ફરે, ફરે નદીના પૂર,
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર.
10. હૈયે વડવાનલ જલે, તો યે સાગર ગાય.

# ચોપાઈ છંદ

→ **છંદનું નામ :** ચોપાઈ છંદ
→ **ચરણ :** 4
→ **બંધારણ :** દરેક ચરણમાં 15માત્રા, છેલ્લા બે અક્ષર અનુક્રમે ગુરુ-લઘુ
→ **યતિ :** 15મી માત્રા પછી
→ **ઉદાહરણ :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 2 | 2 | 2 | 2 | 2 | 2 | 1 | |
| લાં | બા | જો | ડે | ટૂં | કો | જા | ય | = 15 માત્રા |
| 1 | 2 | 1 | 2 | 2 | 2 | 2 | 2 | 1 |
| મ | રે | ન | હીં | તો | માં | દો | થા | ય. = 15 માત્રા |

1. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.
તે માટે તક જોઈ તમામ, શક્તિ વિચારી કરીએ કામ.
2. પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતાં વાત,
ઠંડો મીઠો વ્હેતો વા, મીઠા કો હૈયાની 'હા'.
3. વાદળની ચાદર ઓઢીને સૂરજ જ્યારે પોઢી જાય,
ભટૂરિયાં શા તારલિયા લૈ ચંદા આભે રમવા જાય.
4. જ્યાં જઈએ ત્યાં ફૂડેફૂડ સામસામી બેઠાં ઘૂડ.
5. જો જો રે મોટાના બોલ, ઊજળ ખેડે બાજ્યું ઢોલ.
6. વાડ થઈને ચીભડાં ગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે ?
ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ એકે જન.
7. મા મારે પય પીતાં બાળ, સત્યવાદી જો બોલે આળ,
રાજા થઈને લૂંટી લેય, પ્રજા કોણ આગળ જઈ કહેય ?
8. લાંબા જોડે ટૂંકો જા, મરે નહિ તો માંદો થાય.
9. ત્રણે જણા સૂતા તે ઠાર, પહેલે પહોરે જાગે સુતાર.
10. માંહોમાંહે અધિકો નેહ, જીવ એખ ને જૂજવી દેહ.
11. જ્યાં જઈએ ત્યાં ફૂડેફૂડ, સામસામી બેઠાં ઘૂડ.
12. કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.
13. જોજો રે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યું ઢોલ.

# સવૈયા છંદ

→ **છંદનું નામ :** સવૈયા છંદ
→ **ચરણ :** 4
→ **બંધારણ :** 31 કે 32 માત્રા
→ ચરણના અંતે ગુરુ-લઘુ આવશ્યક છે.
→ છેલ્લો અક્ષર ગુરુ હોય તો 32 માત્રા થાય.
→ **યતિ :** 16, 21 મી માત્રાએ
→ **ઉદાહરણ :**

| | | | | |
|---|---|---|---|---|
| ઝેર | ગયાં | ને | વેર | ગયાં, |
| 21 | 12 | 2 | 21 | 12 |
| વળી | કાળાકેર | ગયા | કરનાર | |
| 11 | 2221 | 12 | 1121 | |

1. ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળાકેર ગયા કરનાર,
પર નાતીલા જાતીલાથી સંપ કરી ચાલે સંસાર.
2. દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જોતાં પકડે કાન.
3. આકાશે સંધ્યા ખીલતી માથે સાતમ કેરો ચાંદ
4. અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?
5. અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ.

# હરિગીત

→ **છંદનું નામ :** હરિગીત છંદ
→ **ચરણ :** 4
→ **બંધારણ :** દરેક ચરણમાં 28 માત્રા
→ ચરણનો છેલ્લો અક્ષર ગુરુ
→ **ઉદાહરણ :**

| | | | |
|---|---|---|---|
| 2 | 2122212 | 22 | 111 |
| આ | પ્રેમપારાવારમાં | નાતાં | મરણ |
| 11 | 21 | 2 | |
| પણ | મિષ્ટ | છે. | = 28 માત્રા |

1. જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
2. નરદેવ ભીમકની સુતા દમયંતી નામે સુંદરી
3. જે પોષતું તે મારતું એ ક્રમ નથી શું કુદરતી ?
4. નેણે ખુશી, વેણે ખુશી, હાલે ખુશી, ચાલે ખુશી
5. ચળકાટ તારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે.
6. આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા.
7. સુખ સમયમાં છકી નવ જવું, દુ:ખમાં ન હિંમત હારવી
   સુખ દુ:ખ સદા ટકતા નથી, એ નીતિ ઉર ઉતારવી.
8. આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા.
9. ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહીં.
10. તું જ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહા ચક્રો રચી.


નવી બેચ 7, 14, 21 જુલાઈ

નાયબ Dy. S.O. મામલતદાર મુખ્ય પરીક્ષા

ગુજરાતી પેપર - 1 : 100 માર્ક્સ
English પેપર - 2 : 100 માર્ક્સ
સામાન્ય અભ્યાસ પેપર - 3 : 100 માર્ક્સ

TET-I (12 Pass + P.T.C.) ફી Rs. 9500/-

બેચ ટાઈમ : સવારે 9 થી 12 • બપોરે 12 થી 2 • સાંજે 7 થી 9

પાસ થવાની 100% ગેરંટી 10 જુલાઈ 2015 થી વર્ગો શરૂ

માર્ગદર્શક : શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., LL.B., D. Pharm)

ગઢવી કરન્ટ અફેયર્સ એકેડેમી

: GCDA - નરોડા, અમદાવાદ :
F-1, સત્વ શારદા, ઉમા હોસ્પિટલ પાસે,
નિકોલ રોડ, આદીશ્વરનગર,
નરોડા, અમદાવાદ.
M. : 96013 38205

: GCDA - નડીયાદ :
બી–9, પહેલો માળ,
વર્ગો કૉમ્પલેક્ષ, નડીયાદ.
M. : 96013 38206

8

# રૂઢિપ્રયોગ

– શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B.)

→ ભાષા સીમિત અને સ્થૂળ વર્ણોની બનેલી છે. જ્યારે ભાષા દ્વારા વ્યક્ત કરાતાં ભાવ-વિચાર-લાગણી-સંવેદન અસીમિત, સૂક્ષ્મ અને ગૂઢ છે. એ ગૂઢ ભાવ-લીલાને પામવા અને વ્યક્ત કરવા માટે ભાષા હંમેશા અસમર્થ હોય છે. ભાષાને સક્ષમ કે સબળ બનાવવા માટે પરંપરામાં કેટલીક રૂઢ પ્રયુક્તિઓ ઊભી થતી હોય છે. **આવી એક રૂઢ પ્રયુક્તિ એટલે રૂઢિપ્રયોગ.**

→ રૂઢિપ્રયોગ એટલે રૂઢ થયેલો પ્રયોગ. અનુભવવાણી, ભાષામાં પણ લોકજીભે થતા પ્રયોગ રૂઢ બને ત્યારે એ રૂઢિપ્રયોગ બનો છે. આમ, રૂઢિપ્રયોગનું ઉદ્‌ભવસ્થાન છે લોકમુખ. લોકમુખની કૂખેથી જન્મે છે અને લોકજીભના માધ્યમથી એ એનું બળકટ રૂપ ધારણ કરે છે. અને થોડામાં ઘણું કહી જાય છે. રૂઢિપ્રયોગને **લોકોક્તિ** પણ કહે છે. વક્તવ્યને ચોટદાર અને અસરકારક બનાવવા કેટલીકવાર શબ્દપ્રયોગની ખાસ લઢણને ઉપયોગ કરવામાં આવે છે તેને **રૂઢિપ્રયોગ** કહે છે.

→ **ઉદાહરણ :**

1. **કરમ ફૂટેલાં હોવાં** - નસીબ ખરાબ હોવું.

**વાક્ય** : રમેશ ના કરમ એટલા ફૂટેલા છે કે નોકરીના ઈન્ટરવ્યુમાં હંમેશા નાપાસ થાય છે.

2. **ધોંસરી ઉપાડવી** - જવાબદારી લેવી.
3. **નવું રમકડું મળવું** - સમય પસાર કરવા કોઈ મળી રહેવું
4. **લાજ કાઢવી** - ઘૂમટો તાણવો.
5. **નજર ચુકાવવી** - ભૂલથાપ ખવડાવવી
6. **બે વેણ કહેવા** - ભલામણ માટે બે શબ્દો કહેવા.
7. **જીવ હેઠો બેસવો** - નિરાંત અનુભવવી
8. **જીવ જરાક જેવડો હોવો** - કંજૂસ સ્વભાવના હોવું
9. **જીવ મોટો હોવો** - ઉદાર હોવું
10. **માનતા ફળવી** - માગેલું મળવું, ઇચ્છિત પ્રશ્ન થવું
11. **સાડીબાર ન રાખવી** - પરવા ન રાખવી
12. **કાહું કરવું** - શરીરનો બાંધો ઠીક થવો.
13. **હૃદયનો રસ મુખમાં આવવો** - ભાવવિભોર બની જવું
14. **જિંદગી મોળી થઇ જવી** - જીવન નીરસ થઈ જવું
15. **ફોડી લેવું** - આવી પડેલું કામ કોઈપણ રીતે પતાવવું
16. **આંખો પહોળી થવી** - આશ્ચર્યચકિત થવું
17. **જીવન સંકેલી લેવું** - મૃત્યુ પામવું
18. **રસના ઘૂંટ પીવા** - ખૂબ આનંદ માણવો.
19. **મોઢું ફેરવી લેવું** - અણગમો બતાવવો
20. **લૂઢકી જવું** - મૃત્યુ પામવું
21. **પેટ ભરીને ફરવું** - નિશ્ચિંત થઈને ફરવું, બેફિકર થઈને ફરવું
22. **ખીલો થઈ જવું** - જેવી હોય તેવી પરિસ્થિતિમાં સ્થિર થઈ જવું.
23. **આંખો ફાટી જવી** - ખૂબ જ આશ્ચર્ય અનુભવવું
24. **ગોઠણ છૂટા થઈ જવા** - કામકાજ કરવા માંડવું
25. **હાકાવાકા થઈ જવું** - બેબાકળા થઈ જવું
26. **રાજીના રેડ થવું** - ખૂબ જ આનંદમાં આવી જવું.
27. **નાતગતમાં પુછાવું** - નાતજાતમાં આબરૂ વધવી
28. **પગ વાળીને બેસવું** - નિરાંતે બેસવું
29. **નજર ફેરવવી** - ઉપર ઉપરથી જોઈ લેવું
30. **જીવ ઊડી જવો** - ગભરાઈ જવું
31. **પીઠ ઠોકવી** - શાબાશી આપવી
32. **રઢ લાગવી** - લગની લાગવી
33. **વેણ રાખવું** - વચનનું પાલન કરવું
34. **હૈયું ભરાઈ આવવું** - રડવું આવવું
35. **કાળજું ધડકવું** - ગભરામણ થવી
36. **ઉંકરાટા ઊપડવા** - નવી ઇચ્છાઓ જાગૃત થવી
37. **કપાળે પરસેવો વળવો** - ખૂબ મહેનત પડવી

38. **માથે લેવું** - જવાબદારી સંભાળવી
39. **ગોથાં ખાવાં** - છેતરાવું
40. **આંખને જકડી રાખવી** - નિશ્ચિત બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવું
41. **સોનાના દિવસો બેસવા** - સુખશાંતિ આવવી
42. **ધ્યાન ખેંચાવું** - લક્ષ્ય જવું
43. **તલપાપડ થવું** - અધીરા થઈ જવું
44. **પૈસાનાં ઝાડ હોવાં** - પુષ્કળ ધન હોવું
45. **હળવા ફૂલ થઈ જવું** - ચિંતામુક્ત થઈ જવું
46. **ઝેર પ્રસરાવવું** - ઝઘડાને કારણ આપવું
47. **છળી મરવું** - આઘાત અનુભવવો
48. **ખલેલ પહોંચાડવી** - અડચણ નાખવી
49. **આંખમાં આંખ પરોવવી** - એકબીજા તરફ એકીટશે જોવું
50. **હૈયું પીગળવું** - દયા અનુભવવી
51. **સોડ તાણીને સૂઈ જવું** - મૃત્યુ પામવું
52. **મનમાં વાત ઠસવી** - સમજમાં આવવું
53. **બાથ ભરવી** - નો સામનો કરવો
54. **ખભે હાથ મૂકવા** - ધીરજ આપવી
55. **હોઠ પીસવા** - ગુસ્સે થવું
56. **કીર્તિ ધૂળમાં મળી જવી** - પ્રતિષ્ઠાને હાનિ પહોંચવી
57. **જડમૂળથી ઉખેડી નાખવું** - સમૂળગો નાશ કરવો
58. **અંકુશ લઈ લેવો** - નિયંત્રણમાંથી મુક્ત કરવું
59. **શરસંધાન કરવું** - લક્ષ્ય સાધવું
60. **મતિ મારી જવી** - ઉકેલ ન જડવો
61. **મહોરી ઊઠવું** - ખીલી ઊઠવું
62. **આંદોલિત થઈ ઊઠવું** - રોમાંચિત થઈ ઊઠવું
63. **હાથ દેવો** - મદદ કરવી
64. લોહી ઊકળવું - ગુસ્સે થઈ જવું
65. બે પાંદડે થવું - આર્થિક સ્થિતિ સારી થવી
66. ભીંત ભૂલવી' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.
67. ઘર ભૂલવું, દીવાલ શોધવી - માર્ગ ચૂકવો
68. દેવ જાગી જવા - નસીબ ખૂલી જવું
69. નાટક ભજવવું - હકીકતને છૂપાવવા ઢોંગી રજૂઆતો કરવી
70. પરવારી જવું - કામ પૂરું થતાં નવરા થવું
71. સંપ ત્યાં જંપ - સંપ રાખવાથી સુખ અને શાંતિ મળે છે.
72. કળ વળવી - ભાનમાં આવવું
73. તલવાર તાણવી - સંઘર્ષમાં ઊતરવું
74. આંખો ઠરવી - સંતોષ થવો
75. કાન દેવા - ધ્યાનથી વાત સાંભળવી
76. મૂછનો દોરો ફૂટવો - જુવાની આવવી
77. તડકા-છાંયા જોવા - સુખ દુઃખનો અનુભવ કરવો
78. ભેદ પામી જવો - રહસ્ય સમજાઈ જવું
79. વાત કાપવી - વાતનું ખંડન કરવું; વિરોધ કરવો.
80. આંખ મળી જવી - નિદ્રા આવી જવી
81. ગાડું ગબડવું - ધંધો ચાલવો
82. ખો ભૂલી જવી - ન ભૂલાય તેવો પાઠ ભણાવવો
83. પગ તળે હોવું - એકદમ નજીક હોવું
84. આંખ માંડવી - ધારી-ધારીને ધ્યાનથી જોવું.
85. ખાંડાની ધારે ચાલવું - અતિ જટિલ સ્થિતિમાં જીવવું
86. કાન દેવા - વાત ધ્યાનથી સાંભળવી
87. બાજી ધૂળમાં મેળવવી - યોજના નિષ્ફળ જવી
88. વાત કાપવી - વાતનો સખત વિરોધ કરવો
89. મનમાં ગાંઠ બંધાઈ જવી - મજબુત માન્યતા બંધાઈ જવી
90. હૈયું કકળી ઊઠવું - ખૂબ વેદના થવી
91. ટાઢક વળવી - નિરાંત થવી
92. પેટ આપવું - મનની ગુપ્ત વાત જણાવવી
93. આંખ મળી જવી - ઊંઘ આવી જવી
94. ગૂડા ભાંગી જવા - હિંમત જતી રહેવી
95. કંઠે ભુજાઓ રોપવી - ભાવભીનું સ્વાગત કરવું
96. પેટ ન આપવું - મનની ગુપ્ત વાત ન જણાવવી.
97. ઝાળ ઊઠવી - ખૂબ ક્રોધ થવો
98. વારી જવું - ફિદા થઈ જવું
99. આંખ મીંચાઈ જવી - મૃત્યુ પામવું
100. જીવતર ધૂળ હોવું - જીવન જીવવાનો અર્થ ન હોવો
101. નાક જવું - આબરૂ જવી, બદનામ થવું
102. લોહીનાં શેકણાં કરાવવાં - હેરાન-પરેશાન કરવું
103. ખાંડાની ધારે ચાલવું - અત્યંત વિકટ પરિસ્થિતિમાં જીવવું

9

# કહેવતો

– શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B.)

→ રૂઢિપ્રયોગોની માફક કહેવતો પણ બોલનાર વ્યક્તિની વાતને વધુ સચોટ અને પ્રભાવકારક બનાવે છે.

→ કહેવતો લોકજીવનના અનુભવના સારરૂપ હોય છે. એની ભાષાશૈલી પણ ઘણું કરીને સાદી, સરળ અને સંક્ષિપ્ત હોય છે.

→ અનુભવના નિચોડરૂપ, સંક્ષિપ્ત, દૃષ્ટાન્તરૂપ કે સૂત્રાત્મક ઉક્તિઓ જેવી કહેવતો સાંસારિક ડહાપણ કે નીતિબોધ સુગમતાથી તેમજ સચોટપણે રજૂ કરવા માટે વપરાય છે.

## મહત્ત્વની કહેવતો

### 1. દુનિયાનો છેડો પોતીકું ઘર

→ માણસ પોતાના સગાવહાલાંની સાથે પ્રેમથી રહે. સુખદુ:ખમાં સાથે રહે તે ઘર. ભલે માણસ દુનિયામાં ફરે, પણ પોતાના હૃદયને સાચું સુખ તો ઘરમાં જ મળે છે. તેથી દુનિયાનો છેડો પોતાનું ઘર કહેવાય. ઘરમાં પ્રવેશતાં જ માણસને 'હાશ' અથવા 'શાંતિ'નો અનુભવ થાય છે.

### 2. હીરાની પરીક્ષા ઝવેરી જ કરી જાણે

→ ગુણની કદર ગુણવાન વ્યક્તિ જ કરી જાણે.

### 3. મોરના ઈંડાને ચીતરવાં ન પડે

→ સાચી વસ્તુને જાહેરાતની જરૂર નથી. સંતાનમાં માબાપના ગુણ અને સંસ્કાર આપોઆપ આવતા હોય છે.

### 4. મન હોય તો માળવે જવાય

→ ઈચ્છા હોય તો બધું થાય.

### 5. દુકાળમાં અધિક માસ

→ જીવનમાં એક આફત પર બીજી આફત આવે તે સ્થિતિ. દુકાળમાં બાર મહિના તો કપરા હોય અને તેમાં તેરમો મહિનો ઉમેરાય તેના જેવી વાત.

### 6. ઝાઝા હાથ રળિયામણા

→ વધુ માણસો મદદમાં હોય ત્યારે કામ ઝડપી અને સારું થાય છે.

### 7. ઉતાવળે આંબા ન પાકે

→ ઉતાવળ કરવાથી કોઈપણ કામ સારી રીતે થઈ શકતું નથી.

### 8. ન બોલ્યામાં નવ ગુણ

→ કોઈ ગંભીર વાત જોવા-જાણવા છતાં પણ મૂંગા રહેવામાં જ મજા છે.

### 9. પાકે ઘડે કાંઠા ન ચડે

→ વખત વીત્યા બાદ પરિસ્થિતિમાં ફેરફાર કરવો અશક્ય હોય છે.

### 10. આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ

→ જાત મહેનત સર્વશ્રેષ્ઠ છે.

### 11. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન

→ બહુ સારી વસ્તુ ન મળે ત્યાં ઓછી ખરાબ પણ સારી ગણાય.

### 12. ઊંટે કર્યાં ઢેકા તો માણસે કર્યાં કાઠાં

→ એક અમુક મુશ્કેલી ઊભી કરે, તો બીજું એનો એવો જ ઉપાય વિચારે.

### 13. એક સાંધીએ ત્યાં તેર તૂટે

→ એક મુશ્કેલીને પાર પાડીએ ને વળી બીજી મુશ્કેલી આવી પડે. એક ખર્ચની જોગવાઈ કરી રહીએ ત્યાં અનેક ખર્ચ આવીને ઊભાં રહે.

### 14. કૂવામાં હોય તો હવાડામાં આવે

→ કૂવામાં જ પાણી ના હોય તો તેના પર બનાવેલ હવાડામાં પાણી શી રીતે ભરી શકાય ? એ પ્રમાણે માબાપમાં સંસ્કાર હોય તો બાળકોમાં તે ઊતરે, નહિ તો તેઓ સંસ્કારહીન જ રહે.

### 15. ઘી ઢળ્યું તો ખીચડીમાં

→ પોતાને જ લાભ થવા

### 16. ચમડી તૂટે પણ દમડી ન છૂટે

→ દુ:ખ સહન કરે પણ ધન ન વાપરે

### 17. રામ રાખે તેને કોણ ચાખે ?

→ પ્રભુ રક્ષે તેને કોઈ નુકસાન ન કરી શકે.

### 18. આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય

→ જાતે કામ કર્યા સિવાય સિદ્ધિ મળતી નથી.

### 19. પારકી મા જ કાન વીંધે

→ લાગણીનો સંબંધ ન હોય તેવી પારકી વ્યક્તિ

જ શિક્ષણ કે તાલીમ આપી શકે.

**20. બાવાના બેય બગડ્યાં**

→ બંને બાજુનો લાભ લેવાના મોહમાં બંને બાજુથી નુકસાન થવું. કોઈબાજુ લાભદાયક ન નીવડે એવી સ્થિતિ થાય તે.

**21. બાંધી મુઠ્ઠી લાખની**

→ કોઈ ખાનગી વાત જાહેર ન થાય ત્યાં સુધી જ વ્યક્તિની પ્રતિષ્ઠા સચવાયેલી રહે છે.

**22. ભાવતું હતું ને વૈદ્યે કહ્યું**

→ પોતાને ગમતું હોય અને સ્વજન તેમ કરવાનું કહે.

**23. મુખમાં રામ અને બગલમાં છૂરી**

→ દેખાવે સારો પણ દિલમાં કપટી

**24. વાડ વિના વેલો ન ચડે**

→ ઊંચું સ્થાન મેળવવા કોઈ મોટાંની ઓથ હોવી જોઈએ.

**25. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવાય ?**

→ આવેલી તકને ન ગુમાવાય

26. વખાણી ખીચડી દાંતે વળગે

→ વખાણીએ તે જ ખરાબ નીવડે

27. શેઠની શિખામણ ઝાંપા સુધી

→ મોટા માણસની સલાહ થોડો વખત જ ધ્યાનમાં લેવાય છે. તરત 'હા', 'હા' કરવામાં આવે છે, પણ તેનાથી દૂર થયા એટલે મનમાં આવે તેમ કરવાનું.

28. સંઘર્યો સાપ પણ કામમાં આવે

→ સંઘરેલી નકામી વસ્તુ પણ વખત આવે ઉપયોગી થઈ પડે.

29. સાપને ઘેર પરોણો સાપ

→ સાપ પવન પીને જીવે છે એવી માન્યતા છે એટલે એના ઘરમાં ખાવાનું શું હોય ? જો બીજો સાપ તેનો મહેમાન બને તો તેમનો સામસામે મોં ચાટીને છૂટા પડવું પડે. કોઈની પાસે કોઈ વસ્તુ ન હોય તો તે મેળવવાની આશા વ્યર્થ છે.

30. હાથીના દાંત ચાવવાના જુદા ને દેખાડવાના જુદા

→ કહેવું કંઈને કરવું કંઈ

31. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા

→ વાણીશક્તિ હોય તો ગમે તેનો ઉપાય કરી શકાય.

32. ગામને મોઢે ગળણું ન દેવાય

→ બધાંને ટીકા કરતાં એકસાથે ન અટકાવી શકાય

33. ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં

→ સારું નરસું સૌ સરખું

34. બાર ગાઉએ બોલી બદલાય

→ લાંબે અંતરે ભાષામાં ફેરફાર જણાય

35. તેલ જુઓ તેલની ધાર જુઓ

→ સંજોગો જોઈને ધીરજથી કામ કરો

36. લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે

→ લોભ કરનાર છેતરાય છે

37. દીકરીને ગાય દોરે ત્યાં જાય

→ આપણે ત્યાં જૂના જમાનામાં દીકરી અને ગાયને બીજાની ઇચ્છા મુજબ જ વર્તવું પડતું હતું. અમુક જાતિઓમાં હજી આજે પણ દીકરીને ઘરમાં વડીલોની આજ્ઞા પ્રમાણે વર્તવાનું હોય છે. આ કહેવત જૂના જમાનાની આપણી સામાજિક સ્થિતિનું ચિત્ર રજૂ કરે છે.

38. ખાલી ચણો વાગે ઘણો

→ જેનામાં ઓછી આવડત હોય તે વધુ બતાવવાનો દેખાવ કરે છે.

39. સાપ ગયા અને લિસોટા રહ્યા

→ કાર્ય પૂરું થઈ ગયા પછી પણ તેના સંસ્કાર રહી જાય છે.

40. નાચવું નહીં અને આંગણું વાંકું

→ કામ ન આવડતું હોય કે કામથી છટકવું હોય ત્યારે બહાનાં કાઢવામાં આવે, ત્યારે આ કહેવત વપરાય.

41. હાથે તે સાથે

→ જાતે કરીએ તે જ પામીએ

42. પાણીમાં રહેવું ને મગર સાથે વેર

→ જેના હાથ નીચે રહેતા હોઈએ તેની સાથે વેર બાંધવું ઠીક નહિ

43. વાડ થઈને ચીભડાં ગળે

→ રક્ષણ કરનાર વ્યક્તિ જ ભક્ષક બને ત્યારે આ કહેવત વપરાય છે. પોલીસે પ્રજાનું રક્ષણ કરવાનું હોય ત્યારે તે જ જો પ્રજાને રંજાડે એટલે કે વાડ થઈને ચીભડાં ગળે તો કહેવા કોને જવું ?

44. ડુંગરા દૂરથી રળિયામણા

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ દૂરથી બધું જ સુંદર દેખાય.

45. ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો

→ બેય પક્ષને પ્રસન્ન રાખવા મથનાર નિષ્ફળ જાય છે.

46. દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ

→ એકવાર કડવો અનુભવ થયા પછી ભય ન હોય ત્યાં પણ ભય દેખાય

47. એક પંથ ને દો કાજ

→ એક કામ કરતાં બે કામ થાય.

48. ઘેર ઘેર માટીના ચૂલા

→ કોઈ કુટુંબ તકરારવિહોણું ન હોય.

49. નહિ મામા કરતાં કાણો મામો સારો

→ કશું ન હોય તેના કરતાં થોડું પણ હોય તે સારું

50. દાઢીની દાઢીને સાવરણીની સાવરણી

→ શોભાની શોભા ને કામનું કામ એમ બંને હેતુ સરે.

51. મન ચંગા તો કથરોટમાં ગંગા

→ અંતઃકરણ પવિત્ર હોય તો યાત્રા કરવાની જરૂર નથી

52. અધૂરો ઘડો છલકાય ઘણો

→ જેનામાં ઓછી આવડત હોય તે વધારે દેખાડવાનો પ્રયત્ન કરે છે.

53. શહાણું માણસ લાભત નાહીં

→ ઉંમરના પ્રમાણમાં ખૂબ ડહાપણ બતાવતું માણસ વધારે ન જીવે

54. ઈચ્છા હોય તો જ કાર્ય સિદ્ધ થઈ શકે

→ મન હોય તો માળવે જવાય

55. પાણી પહેલાં પાળ બાંધવી

→ કોઈ આફત કે મુશ્કેલી આવે તે પહેલાં જ અગમચેતી વાપરી એમાંથી ભગરી જવાનો ઉપાય કરવો.

56. ઉજ્જડ ગામમાં બાજે ઢોલ

→ ઉજ્જડ (વસ્તીવિહોણા) ગામમાં કોઈ ઢોલ વગાડે તો એ કોણ સાંભળે ? દંભી અને પાખંડી સંતોનાં વચનોની પણ ધારી અસર થતી નથી.


નવી બેચ 7, 14, 21 જુલાઈ

નાયબ Dy. S.O. મામલતદાર મુખ્ય પરીક્ષા

ગુજરાતી પેપર - 1 : 100 માર્ક્સ
English પેપર - 2 : 100 માર્ક્સ
સામાન્ય અભ્યાસ પેપર - 3 : 100 માર્ક્સ

TET-I (12 Pass + P.T.C.) ફી Rs. 9500/-

બેચ ટાઈમ : સવારે 9 થી 12 • બપોરે 12 થી 2 • સાંજે 7 થી 9

પાસ થવાની 100% ગેરંટી 10 જુલાઈ 2015 થી વર્ગો શરૂ

માર્ગદર્શક : શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., LL.B., D. Pharm)

ગઢવી કરન્ટ અફેયર્સ એકેડેમી

: GCDA - નરોડા, અમદાવાદ :
F-1, સત્વ શારદા, ઉમા હોસ્પિટલ પાસે, નિકોલ રોડ, આદીશ્વરનગર, નરોડા, અમદાવાદ.
M. : 96013 38205

: GCDA - નડીયાદ :
બી-9, પહેલો માળ, વર્ગો કૉમ્પલેક્ષ, નડીયાદ.
M. : 96013 38206

# 10 સંધિ

– શ્રી પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B.)

→ બે શબ્દ જોડાય ત્યારે એમના સ્વર-વ્યંજનમાં જે પરિવર્તન આવે તેને **'સંધિ'** કહે છે. OR

→ બે સ્વરો, બે વ્યંજનો, સ્વર અને વ્યંજન, વિસર્ગ અને સ્વર, વિસર્ગ અને વ્યંજનના અમુક નિયમો પ્રમાણેના અરસપરસ જોડાણને **સંધિ** કહેવામાં આવે છે.

→ **સંધિના પ્રકાર :** સંધિના ત્રણ પ્રકાર છે.

→ સ્વરસંધિ → વ્યંજનસંધિ → વિસર્ગસંધિ

## સ્વરસંધિ

→ જ્યારે એક શબ્દને છેડે સ્વર હોય અને તે પછીના બીજા શબ્દની શરૂઆતમાં પણ સ્વર હોય તો તે બંને સ્વરો મળી જઈ નવો જ સ્વર ઉત્પન્ન થાય છે. આ રીતે થતા સ્વરોના જોડાણને સ્વરસંધિ કહે છે.

**1. અ + અ = આ**

(1) સૂર્ય + અસ્ત = સૂર્યાસ્ત

(2) સ્વ + અધીન = સ્વાધીન

→ આ રીતે **અ** + **અ** સ્વર મળવાથી તેમની સંધિ **'આ'** થાય છે.

**2. અ + આ = આ**

(1) વાત + આવરણ = વાતાવરણ

(2) સિંહ + આસન = સિંહાસન

→ આ રીતે **અ** + **આ** સ્વર મળવાથી તેમની સંધિ **'આ'** થાય છે.

**3. આ + આ = આ**

(1) મહા + આશય = મહાશય

(2) વિદ્યા + આલય = વિદ્યાલય

→ આ રીતે **આ** + **આ** નો **'આ'** થાય છે.

**4. આ + અ = આ**

(1) વિદ્યા + અર્થી = વિદ્યાર્થી

(2) ભાષા + અન્તર = ભાષાન્તર

→ આ રીતે **આ** + **અ** સ્વર મળવાથી સંધિ **'આ'** થાય છે.

**5. ઈ + ઇ = ઈ**

**ઇ + ઈ = ઈ**

**ઈ + ઇ = ઈ**

**ઈ + ઈ = ઈ**

(1) હરિ + ઇચ્છા = હરીચ્છા

(2) પરિ + ઈક્ષા = પરીક્ષા

(3) દેવી + ઈચ્છા = દેવીચ્છા

(4) યોગી + ઈશ્વર = યોગીશ્વર

→ આ પ્રમાણે **ઇ** કે **ઈ** પછી **ઇ + ઈ** આવે તો **'ઈ'** થાય છે.

**6. ઉ + ઉ = ઊ**

**ઉ + ઊ = ઊ**

**ઊ + ઉ = ઊ**

**ઊ + ઊ = ઊ**

(1) ભાનુ + ઉદય = ભાનૂદય

(2) સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ

(3) વધૂ + ઉલ્લાસ = વધૂલ્લાસ

(4) વધૂ + ઊર્મિ = વધૂર્મિ

→ આ પ્રમાણે **ઉ** + **ઊ** પછી **ઊ** કે **ઉ** આવે, તો **'ઊ'** થાય છે.

**7. અ + ઇ = એ**

**અ + ઈ = એ**

**આ + ઇ = એ**

**આ + ઇ = એ**

(1) ઈશ્વર + ઇચ્છા = ઈશ્વરેચ્છા

(2) રામ + ઈશ્વર = રામેશ્વર

(3) મહા + ઈશ = મહેશ

(4) મહા + ઇન્દ્ર = મહેન્દ્ર

→ આ પ્રમાણે **અ** + **આ** પછી **ઇ** કે **ઈ** આવે તો **'એ'** થાય છે.

**8. અ + ઉ = ઓ**

**આ + ઉ = ઓ**

**અ + ઊ = ઓ**

**આ + ઊ = ઓ**

(1) સૂર્ય + ઉદય = સૂર્યોદય

(2) ગંગા + ઉદય = ગંગોદય

(3) નવ + ઊઢા = નવોઢા

(4) ગંગા + ઊર્મિ = ગંગોર્મિ

→ આ રીતે **અ** કે **આ** પછી **ઉ** કે **ઊ** આવે તો **'ઓ'** થાય છે.

**9. અ + ઋ = અર્**

**આ + ઋ = અર્**

(1) દેવ + ઋષિ = દેવર્ષિ

(2) મહા + ઋષિ = મહર્ષિ

→ આ રીતે **અ** કે **આ** પછી **ઋ** આવે તો **ઋ** નો **'અર્'** થાય છે અને તેની પહેલાંનો સ્વર ઉડી જાય છે.

**10. અ + એ = ઐ**

**અ + ઐ = ઐ**

**આ + એ = ઐ**

**આ + ઐ = ઐ**

(1) એક + એક = એકૈક

(2) પરમ + ઐશ્વર્ય = પરમૈશ્વર્ય

(3) ગંગા + એકતા = ગંગૈકતા

(4) મહા + ઐશ્વર્ય = મહૈશ્વર્ય

→ આ રીતે **અ** કે **આ** પછી **એ** કે **ઐ** આવે તો તેનો **'ઐ'** થાય છે.

**(11) અ + ઓ = ઔ**

**આ + ઔ = ઔ**

**અ + ઔ = ઔ**

**આ + ઔ = ઔ**

(1) પરમ + ઓઘ = પરમૌઘ

(2) ગંગા + ઓઘ = ગંગૌઘ

(3) ઉત્તમ + ઔષધિ = ઉત્તમૌષધિ

(4) મહા + ઔષધિ = મહૌષધિ

→ **અ** કે **આ** પછી **ઓ** કે **ઔ** આવે તો **'ઔ'** થાય છે.

# વ્યંજનસંધિ

→ સંધિ વખતે વ્યંજન સાથે સ્વર જોડાય કે વ્યંજન જોડાય તો વ્યંજન સંધિ.

| ક્રમ | સંધિ નિયમ | સંધિ કરતાં પહેલાં | સંધિ કર્યા પછી |
|---|---|---|---|
| 1. | સ્ + ચ = શ્ + ચ | દુસ્ + ચક | દુશ્ચક |
| 2. | સ્ + ટ = ષ્ + ટ | ધનુસ્ + ટંકાર | ધનુષ્ટંકાર |
| 3. | સ્ + શ = વિસર્ગ + શ | નિસ્ + શબ્દ | નિઃશબ્દ |
| 4. | ર્ + ચ = શ્ + ચ | પુનર્ + ચ | પુનશ્ચ |
| 5. | ર્ + ત્ = સ્ + ત્ | અંતર્ + તત્ત્વ | અંતસ્તત્ત્વ |
| 6. | ર + શ્ વિસર્ગ + શ્ | અંતર્ + શોક | અંતઃશોક |
| 7. | દ્ + પ = ત્ + પ | સુહૃદ્ + પ્રેમ | સુહૃત્પ્રેમ |
| 8. | ત્ + મ = ન્ + મ | સત્ + મતિ | સન્મતિ |
| 9. | ત્ + લ = લ્ + લ | તત + લીન | તલ્લીન |
| 10. | પદને અંતે 'ચ્', 'જ્' કે 'શ્' આવે તો તેનો 'ક્' થાય 'ક્' નો ગ થાય | દિશ્ + અંબર | દિગંબર |
| 11. | 'ર્' ની પૂર્વે 'ઉ' + 'પ' = 'ર્' નો 'ષ્' | ચતુર્ + પાદ | ચતુષ્પાદ |
| 12. | 'ત્' + 'શ' = 'ચ્' + 'છ' | સત્ + શાસ્ત્ર | સચ્છાસ્ત્ર |

# વિસર્ગ સંધિ

→ વિસર્ગ કે સ્ સાથે સ્વર કે વ્યંજન જોડાય છે. વિસર્ગ એટલે અઘોષ 'હ્' અને એની સંધિ કેટલેક ઠેકાણે 'સ્' ની સંધિ જેવી છે, એટલે વિસર્ગસંધિનો સમાવેશ વ્યંજનસંધિમાં જ કરી શકાય.

| ક્રમ | સંધિ નિયમ | સંધિ કરતાં પહેલાં | સંધિ કર્યા પછી |
|---|---|---|---|
| 1. | વિસર્ગની પહેલા અ હોય અને વિસર્ગની પછી અ કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ઓ થાય છે. | શિરઃ + મણિ<br>અધઃ + ગતિ<br>સરઃ + જ | શિરોમણિ<br>અધોગતિ<br>સરોજ |
| 2. | વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગની પછી સ્વર રે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ર્ થાય છે. | નિઃ + આકાર<br>દુઃ + ગંધ<br>ધનુઃ + વિદ્યા | નિરાકાર<br>દુર્ગંધ<br>ધનુર્વિદ્યા |
| 3. | વિસર્ગની પહેલાં અ કે આ સિવાયનો સ્વર હોય અને વિસર્ગની પછી ર્ આવે તો વિસર્ગનો લોપ થઈ તેની પહેલાંમો સ્વર દીર્ઘ બને છે. | નિઃ + રવ<br>નિઃ + રોગી | નીરવ<br>નીરોગી |

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

| | | | |
|---|---|---|---|
| 4. | વિસર્ગની પહેલાં ઇ કે ઉ હોય અને વિસર્ગ પછી ક્, ખ્, પ્ આવે તો વિસર્ગનો ષ્ થાય | નિઃ + કપટ<br>દુઃ + કાળ<br>દુઃ + પ્રયત્ન | નિષ્કપટ<br>દુષ્કાળ<br>દુષ્પ્રયત્ન |
| 5. | વિસર્ગની પહેલાં અ હોય અને વિસર્ગ પછી ક્, ખ્, પ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. | અંતઃ + કરણ<br>અંતઃ + પુર | અંતઃકરણ<br>અંતઃપુર |
| 6. | વિસર્ગ પછી ચ્ કે છ્ આવે તો વિસર્ગનો શ્ થાય છે. | નિઃ + છલ | નિશ્છલ |
| | - વિસર્ગની પછી ટ્ કે ઠ્ આવે તો ષ્ થાય અને | દુઃ + ટ | દુષ્ટ |
| | - વિસર્ગની પછી ત્ કે થ્ આવે તો વિસર્ગનો સ્ થાય છે. | નિઃ + તેજ | નિસ્તેજ |
| 7. | વિસર્ગ પછી શ્, ષ્ કે સ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. | નિઃ + શ્વાસ<br>દુઃ + શાસન | નિઃશ્વાસ<br>દુઃશાસન |

# સંધિ છોડો

1. મહોત્સવ = મહા + ઉત્સવ
2. વૃદ્ધાવસ્થા = વૃદ્ધ + અવસ્થા
3. મનોયત્ન = મનસ્ + યત્ન
4. વાતાવરણ = વાત + આવરણ
5. ન્યૂન = નિ + ઊન
6. સન્માર્ગ = સત્ + માર્ગ
7. રવીન્દ્રનાથ = રવિ + ઇન્દ્ર + નાથ
8. સંસ્કૃતિ = સમસ્ + કૃતિ
9. ઉદ્ધાર = ઉદ્ + ધાર
10. અધોરેખા = અધસ્ + રેખા
11. સૃષ્ટિ = સૃજ + તિ
12. સદ્ભાગ્ય = સત્ + ભાગ્ય
13. અધઃપતન = અધસ્ + પતન
14. સ્વેચ્છાચાર = સ્વ + ઇચ્છા + આચાર
15. જઠરાગ્નિ = જઠર + અગ્નિ
16. દુશ્ચક = દુસ્ + ચક્
17. તપોધન = તપસ્ + ધન
18. ચતુર્ભુજ = ચતુર + ભુજ
19. અન્તઃપ્રવેશ = અતઃ + પ્રવેશ
20. ઉચ્ચાર = ઉદ્ + ચાર
21. દિગંબર = દિસ + અંબર
22. ચરાચર = ચર + અચર
23. યશોજ્જવલ = યશ + ઉદ્ + જ્વલ
24. ઉપનિષદ્ = ઉપ + નિસદ્
25. મનોરંજન = મનઃ + રંજન
26. પુનરવલોકન = પુનર્ + અવલોકન
27. ઉજ્જવલ = ઉદ્ + જ્વલ
28. સજ્જન = સત્ + જ્વલ
29. સંગીત = સમ્ + ગીત
30. વ્યવહાર = વિ + અવહાર
31. પુનર્જીવન = પુનર્ + જીવન
32. સદૈવ = સદા + એવ
33. પુસ્તકાલય = પુસ્તક + આલય
34. મનોવેદના = મનસ્ + વેદના
35. નયન = ને + અન
36. આપત્કાલ = આપદ્ + કાલ
37. વાગ્દાન = વાચ્ + દાન
38. અન્તસ્તત્ત્વ = અન્તર + તત્ત્વ
39. પવન = પો + અન
40. દુર્બુદ્ધિ = દુર + બુદ્ધિ
41. કલ્પનોત્તેજક = કલ્પના + ઉત્તેજક
42. પરોપકાર = પર + ઉપકાર
43. મનોહર = મનસ્ + હર
44. નિર્દોષ = નિસ્ + દોષ
45. નિર્વિકાર = નિસ્ + વિકાર
46. પુનઃકથન = પુનઃ + કથન
47. પુનર્મુદ્રણ = પુનઃ + મુદ્રણ
48. પરિણીતા = પરિ + નતિ
49. સદ્ભાગ્ય = સદ્ + ભાગ્ય
50. લોકૈષણા = લોક + એષણા
51. મહેશ્વર = મહા + ઈશ્વર
52. દુર્યોધન = દુસ્ + યોધન
53. પુનર્વિચારણા = પુનઃ + વિચારણા
54. અંતઃશોક = અંતઃ + શોક
55. વિદ્યુલ્લેખા = વિદ્યુત + ઉલ્લેખ
56. ઉલ્લંઘન = ઉત્ + લંઘન

57. બ્રહ્મર્ષિ = બ્રહ્મા + ઋષિ
58. વનેન્દુ = વન + ઈન્દુ
59. પરીક્ષા = પરિ + ઇક્ષા
60. જીર્ણોદ્ધાર = જીર્ણ + ઉદ્ધાર
61. નિરાધાર = નિઃ + આધાર
62. મનોકામના = મનસ્ + કામના
63. અંતશ્ચક્ષુ = અંતર + ચક્ષુ
64. પુનઃકલ્પના = પુનઃ + કલ્પના
65. સ્ત્રગ્ધરા = સજ્ + ધરા
66. જગન્નાથ = જગદ્ + નાથ
67. હિમાલય = હિમ + આલય
68. હરિશ્ચંદ્ર = હરિઃ + ચંદ્ર
69. સુષુપ્ત = સુ + સુપ્ત
70. સરોવર = સપસ્ + વર
71. મન્વંતર = મનુ + અંતર
72. પ્રોત્સાહન = પ્ર +ઉદ્ + સાહન
73. પ્રેક્ષક = પ્ર + ઈક્ષક
74. નીડર = નિસ્ + ડર
75. દુર્યોધન = દુસ્ + યોધન
76. ગિરીશ = ગિરિ + ઈશ
77. ઉત્તરોત્તર = ઉત્તર + ઉત્તર
78. યથાર્થ = યથા + અર્થ
79. સ્વાર્થ = સ્વ + અર્થ
80. અધીકાય = અધસ્ + કાય
81. એકાંત = એક + અંત
82. ઉદ્યોગ = ઉત્ + યોગ
83. ચંદ્રાકૃતિ = ચંદ્ર + આકૃતિ
84. દિગ્વિજય = દિક્ + વિજય
85. નિરક્ષર = નિસ્ + અક્ષર
86. પ્રત્યેક = પ્રતિ + એક
87. રવીન્દ્ર = રવિ + ઇન્દ્ર
88. ભયંકર = ભયમ્ + કર
89. યોગેશ = યોગ + ઈશ
90. મંગલોત્સવ = મંગલ + ઉત્સવ
91. સ્વાધ્યાય = સ્વ + અધ્યાય
92. સેનાધીશ = સેના + આધીશ
93. નિર્બળ = નિસ્ + બળ
94. અનાવશ્યક = અન્ + આવશ્યક
95. પુનઃપ્રશ્ન = પુનઃ + પ્રશ્ન
96. વાગ્દાન = વાક્ + દાન
97. ષડ્રિપુ = ષટ + રિપુ
98. નવોઢા = નવ + ઊઢા
99. હરીન્દ્ર = હરિ + ઇન્દ્ર
100. શ્રવણ = શ્રો + અન
101. સંબોધન = સમ્ + બોધન
102. વ્યસ્ત = વિ + અસ્ત
103. ભિન્ન = ભિદ્ + ન
104. પૃથ્વી = પૃથુ + ઇ
105. પર્યટન = પરિ + અટન
106. ધનુર્બાણ = ધનુસ્ + બાણ
107. ચતુષ્પદી = ચતુઃ +પદી
108. ઉન્નત = ઉદ્ + નત
109. અન્તસ્તાપ = અંતઃ + તાપ
110. પર્યાવરણ = પરિ + આવરણ
111. અભ્યુદય = અભિ + ઉદય
112. અંતઃશોક = અંતર્ + શોક
113. એકાગ્ર = એક + અગ્ર
114. કૃપાચાર્ય = કૃપા + આચાર્ય
115. દુર્ગંધ = દુસ્ + ગંધ
116. નિર્વાણ = નિસ્ + વાણ
117. નિઃશ્વાસ = નિસ્ + શ્વાસ
118. મહર્ષિ = મહા + ઋષિ
119. મધ્વાહ્ન = મધ્ય + અહન
120. બેભાનાવસ્થા = બેભાન + અવસ્થા
121. પ્રત્યુત્તર = પ્રતિ + ઉત્તર
122. વ્યથા = વિ + અર્થ
123. સન્મુખ = સત્ + મુખ
124. હરીચ્છા = હરિ + ઇચ્છા
125. વનેન્દુ = વન + ઈન્દુ
126. સ્વાગત = સુ + આગત
127. સન્મતિ = સત્ + મતિ
128. નિષેધ = નિ + સેધ
129. સચરાચર = સચર + અચર
130. વૃકોદર = વૃક + ઉદર
131. યશોજ્જ્વલ = યશ + ઇજ્જ્વલ
132. પંચોપાખ્યાન = પંચ + ઉપ + આખ્યાન
133. સાવધાન = સ + અવધાન
134. પ્રેમાબ્ધિ = પ્રેમ + અબ્ધિ

135. નિર્બળ = નિસ્ + બળ
136. આનંદોર્મિ = આનંદ + ઊર્મિ
137. ઉડ્ડયન = ઉત્ + ડ્યન
138. સંપૂર્ણ = સમ્ + પૂર્ણ
139. હૃદયૈક્ય = હૃદય + ઐક્ય
140. જ્ઞાનેન્દ્રિય = જ્ઞાન + ઇન્દ્રિય
141. જીર્ણોદ્ધાર = જીર્ણ + ઉદ્ + હાર
142. યજ્ઞોપવીત = યજ્ઞ + ઉપવીત
143. પુનર્વિચારણા = પુનર્ + વિચારણા
144. ચતુષ્ફલક = ચતુર્ + ફલક
145. પુનઃકથન = પુનર્ + કથન
146. પ્રત્યુત્તર = પ્રતિ + ઉત્તર
147. ઉમેશ = ઉમા + ઈશ
148. નિરર્થક = નિર્ (નિસ્) + અર્થક
149. મનઃકામના = મનસ્ + કામના
150. મનોરમ = મનસ્ + રમ
151. મનોનિગ્રહ = મનસ્ + નિગ્રહ
152. પ્રાતઃકાળ = પ્રાતર્ + કાળ
153. સહાનુભૂતિ = સહ + અનુભૂતિ
154. રોમાંચ = રોમ + આંચ
155. સંગમ = સમ્ + ગમ
156. વ્યવહાર = વિ + અવહાર
157. અભ્યાસ = અભિ + આસ
158. પર્યાવલોકન = પરિ + અવલોકન
159. સંમોહન = સમ્ + મોહન
160. વ્યથા = વિ + અથા
161. પુરુષોત્તમ = પુરુષ + ઉત્તમ
162. મહેશ્વર = મહા + ઈશ્વર
163. પરોપકાર = પર + ઉપકાર
164. નીરજ = નીસ્ + રજ
165. હકારાત્મક = હકાર + આત્મક
166. દક્ષિણાભિમુખ = દક્ષિણ + અભિમુખ
167. અનાવશ્યક = અન્ + આવશ્યક
168. નિસ્તેજ = નિસ્ + તેજ
169. નૌકારોહણ = નૌકા + આરોહણ
170. કૃતાપરાધ = કૃત + અપરાધ
171. અભ્યર્થના = અભિ + અર્થના
172. મહૈશ્વર્ય = મહા + ઐશ્વર્ય
173. અત્યુત્તમ = અતિ + ઉત્તમ
174. શિલ્પાનુકૂલ = શિલ્પ + અનુકૂલ
175. અંતર્ગૂઢ = અંતર + ગૂઢ
176. પુનર્વિવાહ = પુનર્ + વિવાહ
177. પુનરવલોકન = પુનર્ + અવલોકન
178. સર્વદૈવ = સર્વદા + એવ
179. કુલાંગના = કુલ + અંગના
180. નિઃસંદેહ = નિસ્ + સંદેહ
181. નિષિદ્ધ = નિસ્ + સિદ્ધ
182. નિશ્ચિત = નિસ્ + ચિંત
183. મનોરંજન = મનસ્ + રંજન
184. નિરુપાય = નિસ્ + ઉપાય

# 9. સંધિ જોડો

1. ઇતિહાસ + ઇક = ઇતિહાસિક, ઐતિહાસિક
2. પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર
3. અનેક + અનેક = અનેકાનેક
4. ચિંતા + આતુર = ચિંતાતુર
5. ઉપ + ઈક્ષા = ઉપેક્ષા
6. ખિદ્ + ન = ખિન્ન
7. મહા + ઇન્દ્ર = મહેન્દ્ર
8. ભો + અન = ભવન
9. નિસ્ + રોગી = નીરોગી
10. પો + અક = પાવક
11. ભાષા + અંતર = ભાષાંતર
12. સુ + ઉક્તિ = સૂક્તિ
13. વાક્ + બાણ = વાગ્બાણ
14. જ્યોતિ + ઇન્દ્ર = જ્યોતિન્દ્ર
15. પરિ + ઈક્ષા = પરીક્ષા
16. નામ + આવલિ = નામાવલિ
17. મનસ્ + વૃત્તિ = મનોવૃત્તિ
18. જગત્ + નાથ = જગન્નાથ
19. પ્ર + નામ = પ્રણામ
20. સ્વ + ઇચ્છા = સ્વેચ્છા
21. પ્રતિ + સ્થા = પ્રતિષ્ઠા
22. નિસ્ + શબ્દ = નિઃશબ્દ
23. રૂપ + અંતર = રૂપાંતર
24. અતિ + અંત = અત્યંત
25. વિ + અસ્ત = વ્યસ્ત

26. વિ + આકરણ = વ્યાકરણ
27. રજની + ઈશ = રજનીશ
28. દુસ + ચોધન = દિર્યોધન
29. વિ + આયામ = વ્યાયામ
30. શ્રત્ + ધા = શ્રદ્ધા
31. પ્ર + ઈક્ષક = પ્રેક્ષક
32. મનસ્ + ચક્ષુ = મનશ્ચક્ષુ
33. નિસ્ + નય = નિર્ણય
34. મહત્ત્વ + આકાંક્ષા = મહત્ત્વાકાંક્ષા
35. મંત્ર + ઉચ્ચાર = મંત્રોચ્ચાર
36. ઊહ + આહ + ઊહ = ઊહાપોહ
37. મહા + ઇચ્છા = મહેચ્છા
38. હર્ષ + આવેશ = હર્ષાવેશ
39. મધ્ય + અદ્ધ = મધ્યાદ્ધ
40. કુલ + અંગાર = કુલાંગાર
41. સપ્ત + ઋષિ = સપ્તર્ષિ
42. અતિ + ઉક્તિ = અત્યુક્તિ
43. પૂર્ણ + આહુતિ = પૂર્ણાહુતિ
44. પ્રતિ + અંગ = પ્રત્યંગ
45. એક + આકાર = એકાકાર
46. સહ + અનુભૂતિ = સહાનુભૂતિ
47. પુત્ર + એષણા = પુત્રૈષણા
48. ગુણ + અનુરાગ = ગુણાનુરાગ
49. મહા + ઔદાર્ય = મહૌદર્ય
50. ભૂપ + ઈશ = ભૂપેશ
51. પરિ + અટન = પર્યટન
52. અભિ + અંતર = અભ્યંતર
53. વિ + આખ્યાન = વ્યાખ્યાન
54. સર્વ + અંગ = સર્વાંગ
55. સર્વ + ઉત્તમ = સર્વોત્તમ
56. સુ + અલ્પ = સ્વલ્પ
57. અર્ધ + ઉત્થિત = અર્ધોત્થિત
58. હિત + ઇચ્છુ = હિતેચ્છુ
59. અવની + ઇન્દ્ર = અવનીન્દ્ર
60. વ્રત + ઉત્સવ = વ્રતોત્સવ
61. સમ્ + સાર = સંસાર
62. પ્રતિ + અંગ = પ્રત્યંગ
63. લંકા + અધીશ = લંકાધીશ
64. દુસ્ + પત = દુષ્પથ
65. મનસ્ + વ્યાપાર = મનોવ્યાપાર
66. પુનર + પ્રતિષ્ઠા = પુનઃપ્રતિષ્ઠા
67. અન્તર + કરણ = અંતઃકરણ
68. ઉદ્ + ચાલન = ઉચ્ચાલન
69. સત્ + માર્ગ = સન્માર્ગ
70. દિશ + અન્ત = દિશાંત
71. ઉદ્ + પથ = ઉત્પથ
72. સત્ય + આગ્રહ = સત્યાગ્રહ
73. પૃથુ + ઈ = પૃથ્વી
74. નિસ્ + નય = નિર્ણય
75. પરિ + અવલોકન = પર્યાવલોકન
76. તપશ્ + ચર્યા = તપશ્ચર્યા
77. અતિ + ઉત્તમ = અત્યુત્તમ
78. હસ્ત + અક્ષર = હસ્તાક્ષર
79. ભો + અન = ભવન
80. અભિ + ઉદય = અભ્યુદય
81. ઉત્ + શ્વાસ = ઉચ્છ્વાસ
82. ગુણ + ઓઘ = ગુણૌઘ
83. દંત + ઓષ્ઠય = દંતોષ્ઠય
84. દિશ્ + અંત = દિગંત
85. નિસ્ + અભિમાની = નિરભિમાની
86. નિસ્ + રોગી = નિરોગી
87. પ્રાયસ્ + ચિત્ત = પ્રાયશ્ચિત
88. પિતૃ + અર્થ = પિત્રાર્થ
89. પદ્ + હતિ = પદ્ધતિ
90. બ્રહ્મ + ઋષિ = બ્રહ્મર્ષિ
91. શાળા + ઉપયોગી = શાળોપયોગી
92. શીત + ઉષ્ણ = શાતોષ્ણ
93. નામ + આવલિ = નામાવલિ
94. ગુણ + દોષ = ગુણદોષ
95. સ્વ + અલ્પ = સ્વલ્પ
96. દુસ્ + કર્મ = દુષ્કર્મ
97. અનુ + સંગ = અનુસંગ
98. ચતુર + ઘાત = ચતુષ્ઘાત
99. ઉદ્ + જડ = ઉજ્જડ
100. તત્ + વિદ્ = તત્વિદ
101. ઉત્તર્ + અયન = ઉત્તરાયન
102. પુનર + લગ્ન = પુનઃલગ્ન
103. ઉદ્ + તેજક = ઉત્તેજક

104. શ્રત + ધા = શ્રદ્ધા
105. સત્ + નારી = સન્નારી
106. સ્વ + છંદ = સ્વચ્છંદ
107. મહત્ત્વ + આકાંક્ષા = મહાત્ત્વાકાંક્ષા
108. અતિ + અંત = અત્યંત
109. પ્રતિ + સ્થા = પ્રતિષ્ઠા
110. વીર + ઉચિત = વીરોચિત
111. અન્તર્ + યામી = અન્તર્યામી
112. ઉત્ + શૃંખલ = ઉચ્છૃંખલ
113. તજસ્ + વધ = તેજોવધ
114. દુસ્ + વ્યસન = દુર્વ્યસન
115. ને + અન = નયન
116. નૌ + ઈક = નાવિક
117. નૈ + અક = નાયક
118. પ્રશ્ન + ઉત્તર = પ્રશ્નોત્તર
119. પ્રતિ + ઈતિ = પ્રતીતિ
120. પુનર્ + પરીક્ષા = પુનઃપરીક્ષા
121. ભો + અન = ભવન
122. ભૂપ + ઈશ = ભાવેશ
123. મનુ + અંતર = મન્વંતર
124. મહા + ઇન્દ્ર = મહેન્દ્ર
125. રાજ + ઋષિ = રાજર્ષિ
126. વાક્ + બાણ = વાગ્બાણ
127. વિ + આકરણ = વ્યાકરણ
128. વૃક્ષ + આવલિ = વૃક્ષાવલિ
129. શરદ + ઉત્સવ = શરદોત્સવ
130. શાસ્ત્ર + અર્થ = શાસ્ત્રાર્થ
131. શિરસ્ + મણિ = શિરોમણિ
132. શ્વાસ + ઉચ્છ્વાસ = શ્વાસોચ્છ્વાસ
133. સમ્ + ક્રાન્તિ = સંક્રાન્તિ
134. સમ્ + નિ + આસ = સંન્યાસ
135. સમ્ + હાર = સંહાર
136. સત્ + ચિત્ + આનંદ = સચ્ચિદાનંદ
137. સુર + આત્મજા = સુરાત્મજા
138. સ્વગત + ઉક્તિ = સ્વગતોક્તિ
139. સત્ + મતિ = સન્મતિ
140. સમ્ + ઋદ્ધિ = સમૃદ્ધિ
141. હસ્ત + અક્ષર = હસ્તાક્ષર
142. હર્ષ + ઉલ્લાસ = હર્ષોલ્લાસ

143. સમ્ + બોધન = સંબોધન
144. નામ + આવલિ = નામાવલિ
145. હિત + એષી = હિતૈષી
146. અરુણ + ઉદય = અરુણોદય
147. દિશ્ + અન્ત = દિશાન્ત
148. નિસ્ + શંક = નિઃશંક
149. સ્રજ્ + ધરા = સ્રગ્ધરા
150. દિશ્ + મૂઢ = દિઙ્મૂઢ
151. રામ + અયન = રામાયણ
152. ગજ + ઇન્દ્ર = ગજેન્દ્ર
153. વિદ્યા + આલય = વિદ્યાલય
154. મનસ્ + વ્યાપાર = મનોવ્યાપાર
155. મનસ્ + વૃત્તિ = મનોવૃત્તિ
156. માતૃ + આદેશ = માત્રાદેશ
157. રજની + ઈશ = રજનીશ
158. વિદ્યા + ઉત્તેજક = વિદ્યોત્તેજક
159. વિ + અસ્ત = વ્યસ્ત
160. વાક્ + દાન = વાગ્દાન
161. શાસ્ત્ર + ઉક્ત = શાસ્ત્રોક્ત
162. શિબિર + અર્થી = શિબિરાર્થી
163. શ્રદ્ધા + અંજલિ = શ્રદ્ધાંજલિ
164. શ્રો + અન = શ્રવણ
165. સત્ + ગુણ = સદ્ગુણ
166. સમ્ + બંધ = સંબંધ
167. સ + આનંદ + આશ્ચર્ય = સાનંદાશ્ચર્ય
168. સ + અંગ + ઉપાંગ = સાંગોપાંગ
169. સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ
170. સૂર્ય + ઉપાસના = સૂર્યોપાસના
171. સ્વ + અભિમાન = સ્વાભિમાન
172. હિમ + અંશુ = હિમાંશુ
173. હત્ + ઉદ્ + સાહ = હતોત્સાહ
174. ઉદ્ + ચાલન = ઉચ્ચાલન
175. ભિદ્ + ન = ભિન્ન
176. શ્રો + અન = શ્રવણ
177. વિ + અગ્ર = વ્યગ્ર
178. ધનુસ્ + ધર = ધનુર્ધર
179. વાક્ + બાણ = વાગ્બાણ
180. પુનર્ + અવતાર = પુનરવતાર
181. ચતુર્ + પાદ = ચતુષ્પાદ

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)
GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

182. સત્ + મતિ = સન્મતિ
183. સમ્ + ધાન = સંધાન
184. ઉદ્ + હાર = ઉદ્ધાર
185. નિ + ઊનતા = ન્યૂનતા
186. ધનુસ્ + ધર = ધનુર્ધર
187. દુસ્ + આરાધ્ય = દુરાધ્ય
188. દુસ્ + પથ = દુષ્પથ
189. નિસ્ + આડંબર = નિરાડંબર
190. નિસ્ + વિઘ્ન = નિર્વિઘ્ન
191. બહિર્ + ગોળ = બર્હિગોળ
192. તત્ + વિદ = તદ્વિદ
193. ચતુર્ + ઘાત = ચતુર્ઘાત
194. વિચાર્ + અનીય = વિચારણીય
195. દુસ્ + આજ્ઞા = દુરાજ્ઞા
196. તત્ + લીન = તલ્લીન
197. વિ + સમ = વિષમ
198. નિસ્ + રસ = નીરસ
199. દુસ્ + આચરણ = દુરાચરણ
200. ઉદ્ + ડયન = ઉડ્ડયન
201. ઈતિ + આદિ = ઇત્યાદિ
202. વિદ્યા + ઉત્તેજક = વિદ્યોત્તેજક
203. ઉપ + ઉન્દ્ર = ઉપેન્દ્ર
204. કવિ + ઈશ્વર = કવીશ્વર
205. વિવેક + આનન્દ = વિવેકાનંદ
206. દિશ્ + કાલ = દિક્કાલ
207. દુસ્ + ગતિ = દુર્ગતિ
208. અધસ્ + કાય = અધ:કાય
209. નિસ્ + સંકોચ = નિ:સંકોચ
210. મનસ્ + યન્ત = મનોયત્ન
211. દુસ્ + વ્યય = દર્વ્યય
212. અનુ + સંગ = અનુષંગ
213. નિસ્ + સાર = નિ:સાર
214. અંતર્ + રંગ = અંતરંગ
215. દિશ્ + અંત = દિગંત
216. અંતર્ + શાપ = અંત:શાપ
217. દુસ્ + પરિણામ = દુષ્પરિણામ
218. સત્ + ચિત = સચ્ચિત
219. દુસ્ + કાળ = દુષ્કાળ
220. પિતૃ + આદેશ = પિત્રાદેશ
221. ષષ્ + આનન = ષડાનન
222. વિ + આધિ = વ્યાધિ
223. વૃક્ષ + આવલિ = વૃક્ષાવલિ
224. મહા + ઊર્મિ = મહોર્મિ
225. જ્ઞાન + ઈશ્વર = જ્ઞાનેશ્વર
226. પૂર્વ + ઉક્ત = પૂર્વોક્ત
227. દેવી + ઇચ્છા = દેવીચ્છા
228. તત્ + ગુણ = તદ્ગુણ
229. નિર્ + રવ = નીરવ
230. નિસ્ + ભય = નિર્ભય
231. દુસ્ + પ્રાપ્ય = દુષ્પ્રાપ્ય




GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)